# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.12 - Issue 9
September 2019
Price 12/-

HAPPY
Ganesh
CHATURTHI





ગુજરાતના સુપ્રસિધ્ધ ઉદ્યોગપતિ અદાણી ગ્રુપના ચેરમેન ભ્રાતા ગૌતમભાઈ અદાણી સાથે રક્ષાબંધનના પ્રસંગે બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. નેહાબેન.



વડોદરા ચંદ્રનગર દ્વારા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ભ્રાતા રાજેન્દ્રભાઈ ત્રિવેદીને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. તરલિકાબેન.



શહેરામાં પંચમહાલ જીલ્લા કલેક્ટર ભ્રાતા ઉદિત અગ્રવાલ IASને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. રતનબેન.



દીવ જીલ્લા કલેક્ટર ભ્રાતા હેમંતકુમાર IASને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ગીતાબેન.



ભૂજ-કચ્છ જીલ્લા વિકાસ અધિકારી ભ્રાતા પ્રભાવ જોષી IASને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. રક્ષાબેન.



દાહોદ જીલ્લા પંચાયત કચેરીમાં રક્ષાબંધનનો સંદેશ આપી DDO ભ્રાતા આર.કે.પટેલ IASને રક્ષાબંધન કરતા બ્ર.કુ. કપિલાબેન.



પાટણ જીલ્લા પોલીસ સુપ્રીટેન્ડટ ભગિની શોભા ભુતડા IPSને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. નિધિબેન.



નવસારી જીલ્લા વિકાસ અધિકારી ભ્રાતા આર.જી.ગોહિલ IASને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ગીતાબેન.



આણંદની અમુલ ડેરીના ચેરમેન ભ્રાતા રામસિંહ ચૌહાણને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ગીતાબેન.



ભાવનગરના મ્યુનિસિપલ કમિશનર ભ્રાતા એમ.એ.ગાંધી IASને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. તૃપ્તિબેન.



બરોડા અલકાપુરી ખાતે આશુતોષ હોસ્પીટલના ઑરથોપેડીક સર્જન ડૉ. અજયભાઈ શાહને રાખડી બાંધતા બ્ર.કુ.ડૉ. નિરંજનાબેન.



પોરબંદરમાં ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના DIG ભ્રાતા ઈકબાલસિંહ ચૌહાણને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. લીનાબેન.



ઊંઝામાં APMCના ચેરમેન ભ્રાતા દિનેશભાઈ પટેલ તથા MLA ભગિની આશાબેન પટેલને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. શિવાનીબેન.



અમદાવાદ ઈન્ડીયા કોલોની ખાતે પૂર્વમંત્રી અને MLA ભ્રાતા વલ્લભભાઈ કાકડીયાને રક્ષાસૂત્ર બાંધી સ્મૃતિચિન્હ આપતાં બ્ર.કુ. ભાનુબેન.



અમદાવાદ ઘોડાસરમાં MLA ભ્રાતા હસમુખભાઈ પટેલને રક્ષાસૂત્ર બાંધી વરદાન કાર્ડ આપતાં બ્ર.કુ. જસુમતિબેન.



ગોંડલના ધારાસભ્ય તથા રાજવી પરિવારના ભગિની ગીતાબા જાડેજાને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ભાવનાબેન.



સુરત કતારગામ આમ્બાતલાવાડી સેવાકેન્દ્ર દ્વારા મહાનગરપાલિકાના મેયર ભ્રાતા ડૉ. જગદીશભાઈને રાખી બાંધતા બ્ર.કુ. સોનલબેન.




કિલ્લા પારડીમાં લાયન્સ ક્લબના પ્રમુખ ભ્રાતા પરિમલભાઈ ચૌહાણને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. મીનલબેન અને બ્ર.કુ. સોનમબેન.



સુરત બાલાજીરોડ દ્વારા સુપ્રસિધ્ધ ઉદ્યોગપતિ ભ્રાતા લવજીભાઈ બાદશાહને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ફાલ્ગુનીબેન, બ્ર.કુ.મીનાબેન.



જલાલપોર નગરપાલિકાની શિક્ષણ સમિતિના અધ્યક્ષ ભ્રાતા મધુબની કઠીરીયાને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ભાનુબેન.



વડોદરા વાસણારોડ સેવાકેન્દ્ર દ્વારા શ્રી હોસ્પીટલના ડૉ. અમ્રીતા ગોડબોલેને રક્ષાબંધન કર્યા બાદ પ્રભુપ્રસાદ આપતાં બ્ર.કુ.નીલમબેન.



રાજકોટ જાગનાથ સેવાકેન્દ્ર દ્વારા PDU મેડીકલ કૉલેજના સુપ્રિટેન્ડન્ટ ડૉ. મનીષ મહેતાને રાખડી બાંધતા બ્ર.કુ. ભગવતીબેન.



બાજીપુરા સેવાકેન્દ્ર દ્વારા વાલોડ તાલુકાના મામલતદાર ભ્રાતા એમ.વી. સોલંકીને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. પ્રીતિબેન.



સરભાણના મામલતદાર ભ્રાતા કે.એચ. તરાલને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. પ્રીતિબેન.

Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૨ | સપ્ટેમ્બર-૨૦૧૯ | અંક : ૦૯

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**

## અમૃતસૂચિ

- કંપન - ડોલન ..................................તંત્રી સ્થાનેથી ..06
- પ્રસન્નતાના પથ પર.......................બ્ર.કુ. શિવાનીબેન ..08
- ત્રિવેણી .....................................બ્ર.કુ. જગદીશચંદ્ર ..09
- આપણે પરમાત્માના ચૈતન્ય ચિત્ર બનીએ .બ્ર.કુ. ગીતાબેન ..11
- શાંતિ શિક્ષણમાં મહિલાઓનો ફાળો .....બ્ર.કુ. ચંદ્રિકાબેન ..14
- કર્મોની ગુહ્ય ગતિ .........................બ્ર.કુ. ભગવાનભાઈ ..20
- તમે જેવું વિચારો છો તેવા બનો છો. ........બ્ર.કુ. મીનાક્ષી ..22
- દિવ્યદૃષ્ટિ .......................................બ્ર.કુ. કેશુભાઈ ..25
- સંકલ્પ સિદ્ધિ જીવનની આધારશિલા......બ્ર.કુ. ચતુરભાઈ ..28
- દિવ્યદર્શન ..................................બ્ર.કુ. નંદિનીબેન ..30
- ગીત .......................................બ્ર.કુ. ગોદાવરીબેન ..32

**લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |

કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 079 - 2762 0866**

**મુદ્રક અને પ્રકાશક**
**રાજયોગિની સરલાદીદી**

**સ્થાનિક સેવાકેન્દ્ર**

**આવશ્યક નોંધ**

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)**
Account No. : **032910001801**
Bank Name : **Dena Bank, Pushpkunj Branch** IFSC Code : **BKDN0110329**

**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**
**Phone: 079 - 2532 4460, 2532 4660**

**Email :** gyanamrit.guj@gmail.com

# તંત્રી સ્થાનેથી

## કંપન-ડોલન (Vibration)

**શબ્દકોશમાં Vibrationનો અર્થ આપ્યો છે. કંપન-ડોલન. આપણે તેને આંદોલન (વિચાર પ્રવાહ)ના નામથી લઈશું.** ભક્તિમાર્ગમાં આ શબ્દનો ઉપયોગ ઓછો છે. સમર્થ સાધકો જ તેનો યથાર્થ ઉપયોગ કરે છે. જ્ઞાન માર્ગમાં બ્રહ્માકુમારીઝમાં આ શબ્દ ઘણું મહત્ત્વ ધરાવે છે. બ્રહ્માવત્સો ભક્તિમાર્ગના બાહ્ય કર્મકાંડોથી મુક્ત છે. **વાયબ્રેશન શબ્દ સમર્થ રાજયોગીઓ માટે સેવાનું અમૂલ્ય સાધન છે. આ શબ્દમાં જે શક્તિ છે તેને બ્રહ્માવત્સો જાણે છે.**

### ગતિ

વાયબ્રેશનમાં ગતિ છે. પ્રકાશના જેવી. હવાના જેવી. મન તેની સાથે શુભકલ્યાણકારી ભાવના સાથે જોડાયેલું છે. આધ્યાત્મિક પથમાં વ્યર્થ વાયબ્રેશનનું કામ નથી. **પરમાત્મા પિતાનાં સંતાનો વાયબ્રેશનનો ઉપયોગ વિશ્વ કલ્યાણ માટે કરે છે.** દર વખતે બ્રહ્માબાબાના ઉલ્લેખ સિવાય લેખને અધૂરો સમજું છું. **અલ્પસમયમાં અનેક આત્માઓને ટચીંગ કરાવવાની શક્તિ વાયબ્રેશનમાં છે.** વિજ્ઞાનની અદ્યતન શોધો તો પાછળથી થઈ પણ આધ્યાત્મિક પથમાં વાયબ્રેશનનું મહત્ત્વ હતું. **કેટલાયે સમર્થ યોગીઓએ, બ્રહ્માબાબાએ તેનો યથાર્થ ઉપયોગ કરીને સતયુગ સ્થાપનાની ગતિને વેગ આપ્યો.**

### પ્રભાવ

**જેનું મન ક્લીન (સ્વચ્છ) અને ક્લીયર (સ્પષ્ટ) છે તેઓ વાયબ્રેશનનો ઉપયોગ કરી શકે છે. સાધનાપથમાં ટેલીપથીનું મહત્વ છે.** પણ તે માત્ર કેચીંગ પાવર ધરાવતાં આત્માઓ ને જ સમજાય છે. **વાયબ્રેશન, ટેલીપથી સમાન નથી.** આમ છતાં **સમર્થ યોગીઓના વિચાર પ્રવાહો જિજ્ઞાસુ આત્માઓ સુધી પહોંચે છે.** વિદ્યાલયની લીધેલી મુલાકાત તેના અર્થને સહજ સમજી શકે છે. ક્યારેક નવાસવા આત્માઓને સાક્ષાત્કાર દ્વારા તેની અનુભૂતિ કરાવે છે. સાકારબાબાની હયાતી વખતે પણ સાક્ષાત્કારો થતા હતા. બ્રહ્માપિતા સંપૂર્ણ કર્માતીત બનતાં સ્થાન, સ્થિતિ અને ગતિના અવરોધો વિના દેશવિદેશોના આત્માઓને સાક્ષાત્કારો થાય છે. ભાષા, આચારવિચાર, ખાનપાન, જીવનશૈલી બદલીને બ્રહ્માવત્સો મધુવન (પાંડવભવન, જ્ઞાનસરોવર, શાંતિવન)માં આવે છે. તે પણ વાયબ્રેશન અને સાક્ષાત્કારનો જાદુ છે.

**વાયબ્રેશનનો પ્રભાવ સૂક્ષ્મ બાબતો પર, ચૈતન્ય બાબતો પર તો પડે છે. સાથે સાથે એવાં સંશોધનો થયાં છે કે સ્થૂલ સાધનો પર પણ તેનો પ્રભાવ પડે છે.** યોગીએ એવા મકાનમાં રહેવું જોઈએ જ્યાં સંસ્કારી, આધ્યાત્મિક વૃત્તિ ધરાવતા લોકો રહેતા હોય. મકાન સ્થળની ચકાસણી કરીને નવું જ બનાવવું. જૂનું મકાન ખરીદતાં પહેલાં એની તપાસ કરવી. તે મકાનમાં કોઈએ આત્મહત્યાના કરી હોય.દેવાળું ફૂકાતાં ઘર વેચવું પડ્યું ના હોય. શોષણ કે અનાધિકારથી ખરીદેલું ના હોય. તે રીતે કોઈના પણ બેડ કે પથારીમાં ના બેસવું. કોઈનાં વસ્ત્રો પણ ના પહેરવા. **બાબા કહે છે કે કોઈનાં આપેલાં વસ્ત્રોનો ઉપયોગ કરશો તો તે દેહધારી યાદ આવશે. યજ્ઞમાંથી મળેલાં વસ્ત્રો બાબાની યાદ અપાવશે.**

આ પ્રમાણે કોઈનું વપરાયેલું ફર્નીચર, વપરાયેલી વસ્તુઓ ના લેવી. આર્થિક ક્ષમતા ના હોય, તો ભલે સોંઘી વસ્તુઓ ખરીદવી. આ બાબતોનું ધ્યાન જરૂરી છે.

### સ્થૂલ સાધનોનો પ્રભાવ

ભિન્ન ભિન્ન હોસ્પિટલોમાં જતાં તેનાં વાયબ્રેશન માનવને અસ્વસ્થ બનાવે છે. પોતાની માનસિક સ્થિતિ પર તેનો પ્રભાવ પાડે છે. સ્મશાનમાં જતાં પણ અલ્પકાળની વૈરાગ્યની ભાવના ઉત્પન્ન થાય છે. શાળા કોલેજોનાં વાયબ્રેશન શિક્ષણ સાધના શીખવાડે છે. સાથે સાથે આજની યુવાપેઢીના વાણી, વ્યવહારનો પણ પ્રભાવ પાડે છે. **મનોરંજનનાં સ્થળો-સિનેમા ઘર, હોટલ, ક્લબ, પાર્ટીઓ, લગ્નો વગેરેમાં જવાની બાબા ના પાડે છે. અંગત સંબંધોને કારણે જવું પડે, તો સાથે જ અન્ન, પાણી સાથે, બેજ પહેરીને જવું. જેથી શૃંગારી વાતાવરણમાં પણ બાબાની યાદ રહેશે. આ સ્થળોનાં વાયબ્રેશન રાજયોગી જીવન પર પ્રભાવ પાડે છે. તેથી જાગૃતિ રાખવી જરૂરી છે.**

### મનસા સેવા

આજે આપણે વાણી દ્વારા ઘણી સેવાઓ કરીએ છીએ. થોડાં વર્ષો તે ચાલશે. ત્યાર પછી **પરિસ્થિતિ, વાતાવરણ બદલાતાં, સમસ્યાઓ, હિંસાનું પ્રમાણ વધતાં વાણીની સેવા અઘરી બનશે. ત્યારે માત્ર વાયબ્રેશન દ્વારા આત્માઓએ સકાશ આપવાની સેવા કરી શકીશું.** જેણે યોગીજીવનના ચાર વિષયો - જ્ઞાન, યોગ, ધારણા અને સેવામાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી હશે તેઓ જ મનસા સેવા કરી શકશે. જ્ઞાન અને રાજયોગના લાંબા ગાળાનો અભ્યાસ તેમાં સહાયક બનશે. જો રાજયોગીની અવસ્થા શ્રેષ્ઠ હશે, તો તે રડતાં-હતાશ-નિરાશ, નાસીપાસ થયેલ, દુઃખી, પીડિત આત્માઓની વેદનાને સાંભળી શકશે. અનુભવી શકશે. તે વખતે જ્ઞાન સાંભળવાનો, તેટલા સમયનો અવકાશ રહેશે નહીં. **બાબા કહે છે કે આવા આત્માઓ તમારી દૃષ્ટિથી સંતુષ્ટ થશે. તમારા ચહેરા અને વ્યવહારનો તેમના પર પ્રભાવ પાડશે. તમારા થોડા શબ્દો તેમના માટે વરદાન બની જશે.** જેમ નીંભાડામાં બિલાડીનાં બાળકો સુરક્ષિત રહ્યાં તેમ યોગ્ય સ્થિતિએ પહોંચેલા બ્રહ્માવત્સો સુરક્ષિત રહેશે. ક્યારેક ઈશ્વરીય પ્રેરણા તેને સંદેશ આપીને મધુવન બોલાવી લેશે. સુરક્ષિત પાવનધામોમાં બોલાવી લેશે. અંતકાળે આગગાડી, વિમાનીસેવા, વીજળીના ઉપયોગથી થતી સેવાઓ બંધ થઈ જશે. **એકમાત્ર પરમાત્માના બળ અને ભરોસા પર જીવવાનું બનશે.**

અમૃતવેળાએ, સંધ્યાકાળે બાબા અવનવાં દૃશ્યોને સામે લાવી દે છે. ઊંઘમાં પણ અચેતનમન ભિન્ન ભિન્ન દૃશ્યો દેખાડે છે. આ દૃશ્યો સાંકેતિક છે. તેના સૂક્ષ્મ અર્થને સમજવાની જરૂર છે, ભયભીત થવાની જરૂર નથી.

### સ્પાર્કનું સંશોધન

આદરણીય રાજયોગી રમેશભાઈજીએ સ્પાર્કની જે રચના કરી તે રાજયોગી વૈજ્ઞાનિકો સર્જે છે. લોટસહાઉસ ( હાંસોલ )ની મુલાકાત વખતે મને તેઓએ સ્પાર્કમાં જોડાવાનું આમંત્રણ આપેલું. તે વખતે હું મીડિયા સેવામાં સક્રિય હતો. આજે મને મારી ભૂલ સમજાય છે. પણ તેનો ખેદ નથી. સાક્ષીભાવે સ્પાર્કમાં સક્રિય છું ભલે તેને સભ્યનું લેબલ લાગેલું ના હોય. સ્પાર્કનાં પ્રકાશનો અભ્યાસપૂર્ણ છે. પ્રયોગાત્મક છે. આજે તો વાયબ્રેશન લેખ માત્ર પ્રસ્તાવનામાં જ પૂરો થાય છે. ધન્યવાદ. **॥ ઓમશાંતિ ॥**

**- બ્ર.કુ. કાલિદાસ**

## પ્રસન્નતાના પથ પર

# જનારને દર્દની ઉર્જા ના મોકલો

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



હું એક એવી માતાને મળી જેના 21 વર્ષના પુત્રનું દુર્ઘટનામાં મૃત્યુ થઈ ગયું. એમનો પુત્ર કોઈ બીજા દેશમાં રહેતો હતો. એણે કહ્યું પુત્ર સાથે મારો એટલો મજબૂત સંબંધ હતો કે જો હું અહીં ઉદાસ રહું તો એને ખબર પડી જતી હતી. એની સાથે કંઈક થાય તો મને અહીં ખબર પડી જતી હતી. અમે એકબીજાને ફોન કરીને સમાચાર પૂછતાં કે કંઈ થયું તો નથી ને ? હવે તે પુત્ર, તે આત્મા ક્યાંક ચાલી ગયો. મા રોજ રડે છે, બહુ રડે છે. મેં કહ્યું, હવે એ આત્માએ બીજું શરીર લીધું છતાં શું સંબંધ સમાપ્ત થઈ ગયો ? શું એ ઉર્જાની લેણદેણ સમાપ્ત થઈ ગઈ ? એ સમજવાની જરૂર છે કે એ આત્મા હવે એક બીજા શરીરમાં, માતાના ગર્ભમાં છે. અત્યારે તે એક નાનું બાળક છે. હવે તે તમને ફોન કરી શકતું નથી. આપની સાથે વાત કરી શકતું નથી. પરંતુ તે જો પહેલાં આપના એક એક દર્દને સમજી જતું હતું તો શું અત્યારે તે નહીં સમજે ? અત્યારે પણ સમજશે. અહીં તમે એટલું રડી રહ્યાં છો કે એ આત્માને યાદ કરીને એ આત્મા સુધી આપનાં દુઃખનાં પ્રકંપન પહોંચી રહ્યાં છે.

ઉર્જાનું આદાનપ્રદાન શરીર શરીર વચ્ચે થતું નથી આત્મા આત્મા વચ્ચે થાય છે. જો આપણે રડીએ છીએ તો દર્દની ઉર્જા સર્જીએ છીએ. તે ત્યાં જશે. જો આપણે આપણા તાર્કિક પ્રેમથી અને રૂપથી સમજાવીએ કે જ્યારે તે આત્મા હયાત હતો ત્યારે આપણે તેને આપણા દુઃખ સાથે જોડતાં નહોતાં. આજે હું જ એને દુઃખ આપી રહી છું. હું દર્દ મોકલતી રહું છું. એટલા માટે કે તે આપણી વચ્ચે નથી. આપણને એ ખબર નથી કે આપણા રડવાનો એ આત્મા ઉપર કેવો પ્રભાવ પડશે ? મારે મારું ધ્યાન રાખવાનું નથી પણ એ આત્માની શાંતિ માટે આપણે પોતાનું ધ્યાન રાખવું પડશે.

આપણે જે ઉર્જા મોકલીએ છીએ તે ઉર્જાને તે ગ્રહણ કરે છે. ઉર્જા એવી ચીજ છે કે આપ જેના પ્રત્યે સર્જન કરશો તો ત્યાં સુધી જરૂર પહોંચે છે. આપણી આસપાસની ઉર્જાથી આપણે પ્રભાવિત થઈએ છીએ. કોઈ ગમે ત્યાં હોય પણ તે જે ઉર્જા મોકલે છે એનો પ્રભાવ આપણા ઉપર પડે જ છે.

માતા-પિતા, પતિ-પત્નીના રૂપમાં આપણે છીએ, આપણે કહીએ છીએ કે અમુક સંબંધીના દેહત્યાગને કારણે આપણે ખુશ રહી શકતા નથી. આપણે જેટલી વાર દર્દ જન્માવીશું તેટલો આપણને દર્દનો અનુભવ થશે. સાથે સાથે એ સંબંધીને પણ દર્દ મોકલીશું. પુત્ર ફોન કરે ત્યારે આપણે તકલીફમાં હોઈએ છતાં કહીએ છીએ કે અમે મજામાં છીએ. તેની પાછળ આપણો હેતુ એ છે કે તે જ્યાં ચિંતામુક્ત રહે. એ રીતે હવે સદ્‌ગત આત્મા બીજી જગાએ છે. આપણી તેના પ્રત્યે શુભકામના એ હોવી જોઈએ કે તે જ્યાં છે ત્યાં આનંદમાં રહે.

**॥ ઓમશાંતિ ॥**

- **સર્વ સિદ્ધિઓને પ્રાપ્ત કરવા માટે એકાગ્રતાની શક્તિ વધારો. આ એકાગ્રતાની શક્તિ સહજ જ નિર્વિઘ્ન બનાવી દે છે.**

# ત્રિવેણી

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



### કલ્યાણકારી દૃષ્ટિ

સંસારનાં સર્વ મનુષ્યો સુખ અને શાંતિ મેળવવા માટે પ્રયાસ કરે છે. પરંતુ કેટલી અજીબ વાત છે કે સુખ અને શાંતિની ઈચ્છાથી કરવામાં આવેલાં કર્મો દ્વારા જ આજે સંસારમાં એટલું દુઃખ અને અશાંતિ છવાયેલ છે. શાંતિના બીજથી અશાંતિનું ફળ શા માટે અને કઈ રીતે નીકળી રહ્યું છે ? આ એક કોયડો બની ગયો છે. તેને ઉકેલવાનો છે.

### સ્વહિત અને સર્વહિત

આપણે મનુષ્યની વ્યક્તિગત અશાંતિનું કારણ શોધીએ યા સામાજિક અવસ્થાના મૂળ સુધી જઈએ તો આપણને એક વાત સ્પષ્ટ રીતે જોવા મળશે કે તેનું મુખ્ય કારણ છે 'સર્વ હિતમાં પોતાનું હિત જોઈ શકવાની સમજણનો અભાવ'. મનુષ્ય જ્યારે પોતાના હિતને સમાજ અને સંસારના હિતથી અથવા કલ્યાણથી અલગ સમજે છે ત્યારે તે પોતાના કલ્યાણથી પણ વંચિત દુઃખી અને અશાંત થાય છે. એનાથી જ સમાજમાં અવ્યવસ્થા અને અશાંતિ વધે છે. 'બીજાઓનું કલ્યાણ કરવામાં જ પોતાનું કલ્યાણ છે.' આજે આવી સમજણની પાયાની જરૂર છે. આ સમજણ ઉપરાંત મનુષ્યના પાંચ વિકાર - કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર એની મેળે જ નીકળતા જશે. કારણ કે તેના દ્વારા જ આપણે અકલ્યાણકારી કાર્યો કરીએ છીએ. પરંતુ આજે માનવ આ વિકારોને પોતાના સુખનાં સાધન સમજવાના ભ્રમમાં પડેલો છે અને બીજાઓનું અહિત કરીને પોતાનું હિત સાધવાની મૃગતૃષ્ણામાં છે. જો સર્વ મનુષ્યો બીજાઓનું અહિત કરવા લાગી જાય તો કોઈનું પણ હિત કઈ રીતે થઈ શકે છે?

### સદ્વ્યવહારથી મળે છે સદ્ગુણ

આ દૂષિત ચક્રમાંથી બહાર નીકળવાનો એકમાત્ર ઉપાય એ છે કે આપણે સમાજમાં આ પ્રકારના વિચારો પ્રવાહિત કરીએ. જેમાં મનુષ્યની ક્રૂર હિંસક દૃષ્ટિ બદલાયને કલ્યાણકારી દૃષ્ટિ બને. દરેક કાર્યમાં દરેક એ સમજે કે મારી જ આ વાતની પ્રારંભિક જવાબદારી છે. આજે સંસારને મારી આ નાનકડી કલ્યાણકારી દૃષ્ટિની ઘણી જ જરૂર છે. એવું વિચારીને નવા પ્રકારના વિચાર તરંગો વાતાવરણમાં ફેલાવવાના છે. જે વાસ્તવમાં આપણા કલ્યાણ માટે જ હશે. એમાં એ સંભવ છે કે આપણા જ જૂના સંસ્કારોના કારણે કેટલીક તકલીફો આવે આપણે જેવું ઈચ્છીએ છીએ તેવું ફળ તરત જ જોવા ના મળે. પરંતુ હતાશ થયા વગર એ વિચારીએ કે જીવનના દરેક ક્ષેત્રોમાં પ્રારંભિક સમયે મુશ્કેલીઓ તો આવે જ છે. બાળક જ્યારે સ્કૂલમાં જાય છે ત્યારે તરત જ તેનો આર્થિક લાભ મળતો નથી પરંતુ તે લાભ બુદ્ધિના વિકાસના રૂપમાં મળે છે. આ રીતે સદ્વ્યવહારને લીધે અભ્યાસકાળ દરમિયાન તે લાભ સદ્ગુણોના રૂપે મળશે. ધીરે ધીરે તેનો સ્થૂળ લાભ અવશ્ય મળશે.

### સમાજસેવા

સંસારનાં સર્વ પ્રકારનાં સેવાકાર્યોના ભાવ દુઃખીઓને સુખી બનાવવાનો છે. સેવા કરવાથી મનુષ્યમાં નમ્રતા, ઉદારતા, ત્યાગ, કાર્ય

કુશળતા, સહયોગ વગેરે કેટલાયે ગુણોનો વિકાસ થાય છે. જેનાથી એને ઉચ્ચ કર્તવ્યનું શ્રેષ્ઠ ફળ મળે છે. એટલા માટે કહેવામાં આવ્યું છે કે 'સેવા વિના મેવા નહીં.' અધ્યાત્મમાં વિશ્વાસ નહીં રાખનારા લોકો સમાજસેવામાં જોડાઈ જાય છે. તેઓ બાળકો તથા બાલિકાઓના શિક્ષણ, મહિલાઓનું જીવન ઉત્થાન, પતિત સ્ત્રીઓના કલ્યાણનું કાર્ય દલિત અને પછાત વર્ગોની ઉન્નતિ સંબંધિત કાર્ય, અશિક્ષિતો માટે અભ્યાસ કરાવવાની જોગવાઈ તથા ભૂખ્યાં, વસ્ત્રવિહિન અને પૂર પીડિત લોકોને રાહત પહોંચાડવાના કાર્યમાં જોડાઈ જાય છે.

પરમાત્મા કહે છે આજે કરોડો લોકો સ્વયંને જ જાણતા નથી અને પરમપિતા પરમાત્માનું જ્ઞાન નથી. તેથી આવી સમજણ વગરનાને પહેલાં જીવનમૂલ્યોનું જ્ઞાન આપીએ. માનવતાના પાઠ ભણાવીએ, સારી આદતો શીખવાડવી જરૂરી છે. 'અક્ષર' શબ્દનો અર્થ છે જેનો વિનાશ ના થાય. તેથી વર્ણમાળાના અક્ષરોના જ્ઞાનથી પણ પહેલાં તો મનુષ્યને 'નાશ' ન થનારા (અક્ષર) આત્માનું તથા પરમાત્મા વચ્ચેના પ્રેમના અઢી અક્ષર પણ ભણવા જરૂરી છે. હા, ભાષાના અક્ષરો પણ ભણવા જરૂરી છે પરંતુ એક સારા નાગરિક અથવા એક સારા મનુષ્ય બનવા માટેની વિદ્યા ભણવી એનાથી પણ વધુ જરૂરી છે. નહીંતર ભણી ગણીને પણ મનુષ્ય દગાબાજ, રુશ્વતખોર, સ્મગલર, જમાખોર તથા કામવાસના દ્વારા બીજાઓને પતિત બનાવનારા અને જનસંખ્યામાં અતિવૃદ્ધિ કરનાર તો સમાજ માટે અભિશાપ રૂપ છે.

તેથી સમાજ માટે સૌથી મોટી સેવા મનુષ્યને ઈશ્વરીય જ્ઞાન દ્વારા નૈતિકતા અને આધ્યાત્મિકતાનો પાઠ ભણાવવાની છે. કામ, ક્રોધાદિ વિકારોથી કોઢિયા બનેલા આત્માના કુષ્ઠરોગને દૂર કરવાની સેવા કરવાની છે. મનમાં વિકારોના પૂરથી પીડિત, ક્રોધના ધરતીકંપથી દુઃખી આત્માને રાહત પહોંચાડવાની એક મહાન સેવા છે જેનાથી સમાજની સર્વ સમસ્યાઓના મૂળનો અંત આવી શકે છે. આપદા આવતી વખતે લોકોને વસ્ત્ર, અન્ન, દવાઓ તો આપવાં જ જોઈએ પરંતુ આ દુઃખગ્રસ્ત સંસારના માળખાને વ્યવસ્થિત કરવા માટે મનુષ્ય માત્રને સદાચાર અને સાત્વિકતાનો પાઠ ભણાવવારૂપી સમાજસેવાથી લાભાન્વિત કરવા જરૂરી છે.

## પરચિંતન પતનનું મૂળ

મનુષ્યનું મન કંઈકને કંઈ ચિંતન તો કરે છે. તે જેવું ચિંતન કરે છે તેવો તેનો સ્વભાવ બને છે. કેટલાક લોકો તો બીજાઓ પ્રત્યે કલ્યાણની ભાવના રાખવા છતાં પોતાના વિકાસમાં જ પોતાનો સમય અને સંકલ્પ સફળ કરે છે. તેઓ બીજાઓ-માંથી પણ ગુણો ઉઠાવે છે. તેઓ સ્વચિંતન કરતાં આત્માનુભૂતિના રસમાં લવલીન રહે છે. પરચિંતન કરીને પોતાના મનને મેલું કરતા નથી.

આત્મિક શક્તિના વિકાસને માટે આત્મચિંતન જરૂરી છે. આત્મવિસ્મૃતિને લીધે મનુષ્ય શરીરમાં પોતાનું તાદાત્મય સ્થાપિત કરી લે છે અને દેહભાનમાં ફસાઈને વિકારી, દુઃખી અને અશાંત થઈ જાય છે. ત્યારે આત્મચિંતન દ્વારા જ તે આત્માભિમાની અને નિર્વિકારી બનીને સાચાં સુખ શાંતિની પ્રાપ્તિ કરી શકે છે. હું પાંચ તત્ત્વોનું બનેલું વિનાશી શરીર નથી પણ સદા જાગતી જ્યોતિ, સર્વશક્તિવાન પરમપિતા પરમાત્મા શિવનું સંતાન જ્યોતિર્બિંદુ આત્મા છું. આ સત્યની ગહન અનુભૂતિ થવાને કારણે આપણા જીવનમાં એક દિવ્ય અને અલૌકિક પરિવર્તન આવે છે. સર્વશક્તિવાન પરમાત્માનું સંતાન હોવાના કારણે

**(અનુસંધાન પેજ નં. 13 પર)**

# આપણે પરમાત્માના ચૈતન્યચિત્ર બનીએ

બી.કે. ગીતાબેન, શાંતિવન, આબુરોડ

સંસારનો ઈતિહાસ જણાવે છે કે સમય પ્રતિ સમય આ સૃષ્ટિ રંગમંચ પર અનેકાનેક ધર્માત્માઓ, મહાત્માઓ, સમાજ સુધારક, વૈજ્ઞાનિક, સાહિત્યકાર આવતા રહ્યા છે અને સમાજને એ સમયને અનુરૂપ જરૂરી મૂલ્યોનું જ્ઞાન અને શિક્ષણ આપતા રહ્યા છે. સંસાર ચક્રમાં મધ્યયુગ-દ્વાપરયુગમાં જ્યારે આપણે મનુષ્ય-આત્માઓ વામમાર્ગમાં જઈએ છીએ અને જીવનના નિયમ-સંયમ નબળાં બનવા લાગે છે ત્યારે દૂર પશ્ચિમની તરફ પ્રથમ ધર્મ ઈસ્લામ ધર્મના આદિ પિતામહ ઈબ્રાહીમજી તથા એના પછી મોહમ્મદ પેગંબર સાહેબે આવીને સંસારને જીવનની શ્રેષ્ઠ ધારણાઓના નિયમ શીખવાડ્યા અને એને કાયદાનું રૂપ આપીને સખ્તાઈથી પાલન પણ કરાવ્યું. આ રીતે કર્મમાં ધર્મના સમન્વયનો પ્રયાસ કરવામાં આવ્યો. પરંતુ સમય વીતતાં આજે આપણે જોઈએ છીએ કે એ માર્ગ પર ચાલનારા કરોડો લોકો હોવા છતાં એમનામાં પણ અરાજકતા, અશાંતિ, લડાઈ ઝગડા અને યુદ્ધ થવા લાગ્યાં છે. લોકો લકીરના ફકીર બની ગયા છે પરંતુ ધર્મની ધારણાથી જે ઉદારતા, વિશાળતા, રહેમ અને સહયોગની ભાવના આવવી જોઈએ તે આવી નથી.

વધારે આગળ જોઈએ તો યહૂદી પરિવારમાં જન્મેલા જિસસ ક્રાઈસ્ટે આવીને પ્રેમ અને ભાઈચારાનો પાઠ શીખવાડ્યો અને એ સમયના સમાજમાં વ્યાપ્ત સીતમ-જુલ્મોથી લોકોને મુક્ત કરવાનો પ્રયાસ કર્યો. આજે વિશ્વમાં જિસસ ક્રાઈસ્ટને માનનારી સંખ્યા સૌથી વધારે છે પરંતુ એમનામાં પણ વેર-દ્વેષ, સત્તાની લાલસા અને ધનની લોલુપતા વધતી રહી છે.

પૂર્વમાં ભારતમાં જોઈએ. મધ્યયુગમાં ધર્મના નામે અંધશ્રધ્ધા, હિંસા, પશુબલિ-નરબલિ વધી ગઈ ત્યારે મહાવીર સ્વામીએ આવીને અહિંસા, જીવદયા અને જિતેન્દ્રિયતાના પાઠ શીખવાડ્યા પરંતુ આજે એમને માનવાવાળા લોકોમાં પણ નર્યો સ્વાર્થ અને અતિ પરિગ્રહવૃત્તિ આવી ગઈ છે.

તથાગત બુદ્ધે પણ મૈત્રી, કરુણા, અહિંસાના પાઠ શીખવાડ્યા અને સમાજમાંથી કોરા પાંડિત્ય, માત્ર વિદ્વતાથી બહાર કાઢીને મૂલ્યોની ધારણા, ઈચ્છાઓનો નિગ્રહ, સદ્‌વ્યવહાર તથા જીવવા માટે અષ્ટાંગ સમ્યક, માર્ગ બતાવ્યો પરંતુ સદીઓ પછી, એમની પાછળ ચાલવાવાળો વર્ગ તથાગત બુદ્ધના સારભૂત સંદેશને ભૂલી ગયા છે. ફરીથી તેઓ અલૌકિક સિદ્ધિઓ તથા ચમત્કારી વિધિઓમાં ગરકાવ થઈ ગયા છે.

ધર્મ, અધ્યાત્મ, યોગના નામે ક્રિયાકાંડોમાં ખૂંપેલો એક વિશાળ વર્ગ, ધર્મની વાતો - ચર્ચાઓ તો કરે છે પણ ધાર્મિકતા, માનવતા, સચ્ચરિત્રતા. એમનામાં બિલકુલ જોવા મળતાં નથી. અનાસક્ત કર્મયોગી જીવન પદ્ધતિનું 'ગીતજ્ઞાન'નું નિત્ય અધ્યયન કરનારો વિશાળ વર્ગ આજ સુધી પણ જીવનને 'ગીતા'માં પ્રબોધ્યા મુજબનું જીવન બનાવી શક્યો નથી. જીવન એક પ્રભુ વરદાન છે, સુંદરતમ ભેટ છે. આવું વર્ણન કરનારા લોકો એ તો પોતાના જીવનને સંકુચિત, રસહીન અને ઉદાસ બનાવી દીધું છે અને બાહ્યાચારમાં વધારે પડતો સમય, શક્તિ, ધન ખર્ચતા જોવા મળે છે.

સૃષ્ટિ રંગમંચ પર આવીને પોત-પોતાના ધર્મની સ્થાપના કરનારા મહાનુભાવોને

માનનારાઓમાં એ દુરાગ્રહ છે કે અમારો ધર્મ જ ઉચ્ચ છે. અમારું ધર્મશાસ્ત્ર જ સત્ય છે. અમારાં તીર્થસ્થાન જ પવિત્ર છે. આને કારણે જ આજે વિશ્વમાં આટલા ધાર્મિક લોકો છે, દરેક ધર્મના અનુયાયી છે છતાં પણ સંસારનો વર્તમાન સમય ઘણો ધૂંધળો, ઘૃણાસ્પદ અને ડરાવે તેવો છે.

## ધર્મનો અર્થ છે ધારણ કરવું

સંસારનો સર્વશ્રેષ્ઠ બુદ્ધિશાળી પ્રાણી માનવ કેટલાયે પ્રકારના તનાવ, ટક્કર, અભાવ તથા નિરાશામાં ડૂબી ગયો છે. વાસ્તવમાં જેના આદેશમાં સચ્ચાઈ લાગે છે, જેનાથી આપણે પ્રભાવિત થઈએ છીએ, આપણે માત્ર એમના શબ્દોને પકડી રાખીએ છીએ. માત્ર આટલું કરવાથી જ ધર્મ બની જતો નથી. ધર્મનો અર્થ છે ધારણ કરવું. ધર્મ કોઈ પ્રચાર, સ્પર્ધા યા દેખાડો કરવાનું નામ નથી. ધર્મ તો સ્વયંના વ્યવહારિક જીવનમાં શ્રેષ્ઠ પરિણામ લાવવાની શુભ રીતિ છે.

## આપણામાં પરમાત્મા દેખાય

આપણે તો આપણા અતિપ્રિય પરમાત્માને પોતાના જીવન દ્વારા, મન-વચન-કર્મ દ્વારા, ભાવ-ભાવના તથા સંવેદનાઓને અભિવ્યક્ત કરવાની છે. પરમાત્મા પિતાના સર્વોચ્ચ સદ્જ્ઞાન સર્વ ઈશ્વરીય ગુણો એમની સમસ્ત રૂહાની શક્તિઓનો પોતાની જિંદગીમાં સમાવેશ કરવાનો છે. આપણે તો એ અવિનાશી, સર્વોચ્ચ રચયિતાની સુંદર અવિનાશી રચના બનવાનું છે. આપણે એટલા પવિત્ર, શાંત, સત્ય, પ્રેમરૂપ, આનંદમય બનવાનું છે જે આપણા જીવનમાં જોવા મળે. આપણે પરમાત્માના પ્રત્યક્ષ પ્રમાણ બની જઈએ. પરંતુ જીવનની સચ્ચાઈ એ છે કે આપણે પરમાત્માને તો માનીએ છીએ પરંતુ એમનું કહ્યું માનતા નથી.

## જેવા પિતા તેવો પુત્ર

વાસ્તવમાં જેની સાથે આપણો સાચો પ્રેમ હોય છે એનું તો આપણે દરેક પગલે અનુસરણ કરવું જોઈએ. પરમાત્મા આપણા પિતા છે તો જેવા પિતા તેવો પુત્ર હોવો જોઈએ. જેવો રચયિતા, તેવી તેની રચના. રચયિતાની ખામીઓ યા વિશેષતાઓ રચનામાં પણ આવે છે. આ રીતે આધ્યાત્મિક દૃષ્ટિથી પણ આ વાત આપણે વિચારીએ. અવશ્ય આપણે આત્માઓ પોતાના અનાદિ સ્વરૂપમાં પરમાત્મા પિતાની જેમ જ ગુણમૂર્ત હોવા જોઈએ અને છીએ જ. જો પરમપિતા પરમાત્માના આપણે સપૂત ના બનીએ, પરમ શિક્ષકના સુપાત્ર વિદ્યાર્થી ના બનીએ, પરમ સદ્ગુરુના સંપૂર્ણ અનુગામી ના બનીએ તો માત્ર પરમાત્માને યાદ કરવાનો અને એમના પર કર્મકાંડ કરીને ખુશ થઈ જવાનો શો અર્થ છે ?

પરમાત્મા પિતા પ્રત્યે આપણો સાચો પ્રેમ છે, સમર્પણ છે, સન્માન છે તો આપણે મન-વચન-કર્મથી એમનું અનુસરણ કરીએ, અનુકરણ કરીએ. એટલું જ નહીં, મન-વચન-કર્મથી, તન-મન-ધનથી, સંબંધ-સંપર્ક અને સમયથી વિશ્વ-કલ્યાણના દિવ્યકાર્યમાં સાથી-સહયોગી પણ બની જઈએ.

## આપણને જોઈને પ્રભુપિતાની યાદ આવે

આપણે પરમપિતા પરમાત્માના જીવંત ઉદાહરણ બની જઈએ. એમનું જ્ઞાન, એમની યાદ, એમની મહિમા આપણા દિલોદિમાગમાં એટલી સમાયેલી હોય, જેથી કોઈ આપણને જુએ તો એમને પ્રભુપિતાની યાદ આવી જાય. આપણને જોનાર લોકો અંતર્મુખ, આત્મ અભિમાની બની જાય. ચંચળ ચિત્ત વ્યક્તિ આપણને જુએ તો સ્થિર મનવાળા, સ્થિતપ્રજ્ઞ બની જાય. આવો આપણે સૌ

દૃઢસંકલ્પ કરીએ. એવું મનન-ચિંતન, વર્ણન, અધ્યયન, અભ્યાસ, અધ્યાપન આપણે સૌ કરીએ. આવો પુરુષાર્થ સર્વકોઈ કરી શકે છે. જ્યાં આપણે રહીએ છીએ, જેની સાથે રહીએ છીએ, જે પરિસ્થિતિઓમાં રહીએ છીએ, એમાં રહેવા છતાં કરી શકીએ છીએ. એમાં કોઈ હઠ-દમન, દેખાડો-દંભ, ઢોંગ કરવાની તો આવશ્યકતા જ નથી. એમાં આપણને કોઈ મનુષ્ય ગુરુ યા વિશેષ વ્યક્તિનો આધાર લેવાની પણ આવશ્યકતા નથી.

આપણે દરેક જાણીએ છીએ કે પરમપિતા પરમાત્મા શાંતિદાતા છે, સુખકર્તા છે, શક્તિદાતા છે, પ્રેમના સાગર છે, સદ્જ્ઞાનદાતા છે આપણી પણ શક્ય તેટલી દૃઢ કોશિશ એ હોવી જોઈએ કે આપણે એમના જેવા ગુણવાન બની જઈએ. ત્યારે જ આપણે પરમાત્માની સજીવ મૂર્તિ બની શકીએ છીએ.

### ભાલમાંથી ફેલાય પવિત્રતાનો પ્રકાશ

વિશ્વની સર્વોચ્ચ સત્તા પરમ સત્ય પરમાત્માની પ્રતિકૃતિ બનવાનો દૃઢ સંકલ્પ તથા અથાગ પુરુષાર્થ કરનારા આપણા સૌના ભાલપ્રદેશથી પવિત્રતાનો પ્રકાશ ફેલતો રહે. મુખથી સદા રુહાની સ્નેહ સુમનોની વર્ષા થતી રહે. નયનોમાંથી આત્મઅભિમાનીપણાની તપસ્યાનું તેજ ફેલાતું રહે, હોઠો પર આંતરિક પ્રસન્નતાના પ્રતીકરૂપ હાસ્યની ચમક હોય. આપણા દરેકના દિલ-દિમાગમાં અર્થાત્ આપણા વિવેક અને ભાવનામાં પરમપિતા પરમાત્માની સ્મૃતિ અને સ્વરૂપની ઝલક ચમકતી રહે. આપણા દરેકના હાથોમાંથી અવિનાશી જ્ઞાન રત્નોનો ખજાનો, સદ્ગુણો રૂપી હીરા મોતીથી ભરેલા થાળ, સત્કર્મોની સંપત્તિનો શ્રૃંગાર, અવિરત - અબાધિત રૂપથી પ્રવાહિત થતો રહે. આપણા દરેકના પગલે પગલે પદ્મોની પ્રાપ્તિનાં નિશાન દેખાતાં રહે. આ શુભભાવોના વાસ્તવિક સ્વરૂપ બનવાથી આપણે પ્રભુપિતાના ચૈતન્યચિત્ર બની શકીશું.

॥ ઓમશાંતિ ॥

---

### (પેજ નં. 10નું અનુસંધાન)...ત્રિવેણી

આપણે અશક્ત અને અસમર્થ કઈ રીતે બની શકીએ છીએ ? આનંદના સાગર અને શાંતિના સાગરનું સંતાન હોવાના કારણે આપણે દુ:ખી અને અશાંત શા માટે છીએ ? પ્રેમના સાગર પરમાત્માનાં સંતાન આપણે પરસ્પર કઈ રીતે લડી ઝઘડી શકીએ છીએ ? આ રીતે ગુણોના સાગર પરમાત્માના દિવ્યગુણોનું ચિંતન કરવાથી આ ગુણ આપણો સ્વભાવ બની જાય છે. આમ ધીરે ધીરે આપણે સર્વગુણ સંપન્ન બની જઈએ છીએ. તેથી આત્મચિંતન અને ઈશ્વરીય ચિંતન જ આત્મ કલ્યાણનું એક માત્ર સાધન છે.

એ નિર્વિવાદ છે કે મનુષ્ય બીજાઓમાં અવગુણ જુએ છે તેથી સ્વયં પણ એવા બની જાય છે. બાહ્ય સંસાર દર્પણ માત્ર છે જે આપણા આત્માને સત્ય સ્વરૂપમાં પ્રતિબિંબિત કરે છે. એ દર્પણમાં આપણે આપણી વાસ્તવિકતાનું દર્શન કરી શકીએ છીએ. ઈર્ષ્યાળુ વ્યક્તિને એવું લાગશે કે બધા એની ઈર્ષ્યા કરી રહ્યા છે. અર્થલોલુપ વ્યક્તિને બધા લોકો ઘોર ભૌતિકવાદી દેખાશે. વિષયીને બધી સૃષ્ટિ કામ પીડિત દેખાશે. જ્યારે આ પણ કોઈની તરફ આંગળી કરીએ છીએ બાકીની ચાર આંગળીઓ સ્વાભાવિક રીતે આપણી તરફ વળે છે. આપણે એ સિદ્ધ કરે છે કે બીજાઓમાં જે અવગુણ આપણે જોઈએ છીએ પણ આપણામાં તેનાથી ચાર ઘણા અવગુણો વધારે છે. તેથી આધ્યાત્મિક સાધકોએ બીજાના દોષો ના જોતાં અવગુણોનું મૂળ આપણી અંદર શોધવું જોઈએ.

॥ ઓમશાંતિ ॥

# શાંતિ શિક્ષણમાં મહિલાઓનો ફાળો

બ્ર.કુ. ચંદ્રિકાબેન, મહાદેવનગર, અમદાવાદ.

## આજની શિક્ષણ પ્રણાલી

આજની શિક્ષણ પ્રણાલીમાં કશીક પાયાની ખામી છે. એવું ન હોત તો શિક્ષણનો ફેલાવો વધવાની સાથે વિશ્વમાં સુખ શાંતિ અને સમૃદ્ધિ વધ્યાં હોત. પરંતુ એવું બન્યું નથી. આજે ઘેર ઘેર માનસિક તાણ અને અશાંતિનું વાતાવરણ છે. લોકો અનેક પ્રકારના શારીરિક અને માનસિક રોગથી પીડાય છે. શક્તિહીનતા, દુર્ઘટના અને ગરીબીનું પ્રમાણ વધતું જાય છે. ઔદ્યોગિક અશાંતિ અને તેની સાથે હડતાલ, બેકારી, સંગ્રહખોરી અને ગુંડાગીરી વધતી જાય છે. ધાર્મિક અંધશ્રદ્ધા અને અસહિષ્ણુતાને કારણે વિશ્વમાં મોટા ભાગની લડાઈઓ છેડાઈ છે. આ જ પ્રમાણે રાજ્યસત્તાના મોહથી પણ ખાસ્સી અશાંતિ વધી છે. રાષ્ટ્રો વચ્ચે ભય અને અવિશ્વાસનું વાતાવરણ છે. આજે જ્યારે વિકરાલ અણુ યુદ્ધના તાંડવ નૃત્યની તૈયારી ચાલી રહી હોય ત્યારે કોણ શાંતિથી સૂઈ શકે ?

આજની શિક્ષણ પ્રણાલીમાં અશાંતિ અને દુઃખના મૂળગામી ઉપાય પર ધ્યાન આપવામાં આવતું નથી. છોડના પાંદડા પર પાણી છાંટવામાં આવી રહ્યું છે. મૂળિયાને પાણીથી સીંચવામાં આવતાં નથી. આને કારણે વિશ્વ રૂપી છોડ નવપલ્લવિત નથી થતો. વિશ્વની કોઈ પણ સમસ્યાનું વિશ્લેષણ કરીશું તો ખ્યાલ આવશે કે તે સમસ્યા કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર અને આળસ અર્થાત્ માનવ જાતિના ષડ્‌રિપુને કારણે ઉદ્‌ભવી છે. જો એમ જ હોય તો માનવ જાતિને આ વિકારો પર વિજય પ્રાપ્ત કરી નિર્વિકાર શાંતિપૂર્ણ સ્થિતિમાં શી રીતે રહી શકાય તેનું શિક્ષણ મળવું જોઈએ. આને જ શાંતિ શિક્ષણ (Peace Education) કહેવાય. આજની શિક્ષણ પ્રણાલીમાં આવું શિક્ષણ અપાય છે ખરું ?



## શાંતિનું શિક્ષણ

શિક્ષણની કેટલીક વ્યાખ્યા -

શિક્ષણ માણસને આત્મશ્રદ્ધાવાન અને નિઃસ્વાર્થી બનાવે છે. **- એક સુભાષિત**

માનવની પૂર્ણતાનું પ્રગટીકરણ એ જ શિક્ષણ છે. **- વિવેકાનંદ**

શિક્ષણ અર્થાત્ જે પરમ સત્યની શોધમાં મનને સહાયક બનતું હોય. જે વ્યક્તિને કાળના બંધનમાંથી મુક્ત કરે અને ભૌતિક જ નહીં આંતરિક પ્રકાશ આપે. શક્તિનો જ નહીં પ્રેમનો પણ ખજાનો આપે તથા સત્યને વાસ્તવિક રૂપમાં પ્રગટ કરે. **- ટાગોર**

બાળક અને મનુષ્યના મન શરીર અને આત્મામાં જે કાંઈ શ્રેષ્ઠ પડ્યું છે. તેને બહાર લાવે તેને જ હું શિક્ષણ કહું છું. **- ગાંધીજી**

જીવનના અંધકારમાં પ્રકાશ ફેલાવે તેનું નામ શિક્ષણ. **- એચ.જી.વેલ્સ**

સા વિદ્યા યા વિમુક્તયે - સુભાષિત. જેના વડે મુક્ત થવાય તેને શિક્ષણ અથવા વિદ્યા કહેવાય.

શિક્ષણ ( Education ) શબ્દનો દિવ્ય અર્થ - નવ અક્ષરના બનેલા આ શબ્દના દરેક અક્ષરને લઈ દિવ્યતાપૂર્ણ વ્યવહારિક એવી એક નવી જ

વ્યાખ્યા આપી શકાય.

E - Etiquette (શિષ્ટાચાર) - સુશિક્ષિત માનવ નમ્રતા, મધુરતા વગેરે દિવ્ય ગુણોથી યુક્ત હોય છે.

D- Discipline (શિસ્ત) - સાચા શિક્ષણ દ્વારા મનુષ્ય બાહ્ય શિસ્તની સાથે સાથે આંતરિક શિસ્ત પણ શીખે છે.

U - Universal Brotherhood (વિશ્વબંધુત્વ) - વિશ્વના બધા જ માનવો એક જ પરમપિતા પરમાત્માના સંતાન અને આપસમાં ભાઈભાઈ છે. આ ભાવના સાચા શિક્ષણથી વિકસે.

C - Creativity (રચનાત્મકતા અથવા સૃજનાત્મકતા) - શિક્ષિત માનવને વેસ્ટ (Waste)માંથી બેસ્ટ (Best) બનાવતાં આવડે.

A - Awareness (જાગૃતિ) - સાચું શિક્ષણ માનવને સત્ય જ્ઞાનમાં (બોધમાં અર્થાત્ જાગૃતિમાં) સ્થિત કરે છે.

T - Transformation (રૂપાંતરણ) - સાચું શિક્ષણ મળવાથી મનુષ્યની આસુરી વૃત્તિ દેવી વૃત્તિમાં રૂપાંતરિત થઈ જાય છે.

I - Integrity (એકાત્મતા) - જેમ સૂર્યમુખીનું ફૂલ છોડ સાથે જોડાયેલું હોવા છતાં સૂર્યાભિમુખ રહે છે તે જ પ્રમાણે શિક્ષિત માનવી પોતાને શરીરમાં બેઠેલો આત્મા સમજી પરમાત્માની મધુર સ્મૃતિ દ્વારા પરમાત્માભિમુખ રહે છે.

O - Optimist (આશાવાદી) - શિક્ષણ પ્રાપ્ત માનવી કદી નિરાશ થતો નથી.

N - Nobility (સૌજન્ય) - શિક્ષણથી માનવમાં સજ્જનતા વિકસિત થાય છે.

## શાંતિ શિક્ષણનું ધ્યેય

હું કોણ છું, ક્યાંથી આવ્યો છું ? મારા જીવનનું લક્ષ્ય શું છે ? દુનિયાના અન્ય લોકો અને સૃષ્ટિકર્તા સાથે મારો શો સંબંધ છે ? વિશ્વની જે વર્તમાન સ્થિતિ છે તે શા કારણે છે અને તે શી રીતે બદલી શકાય ? સાચું શિક્ષણ આ બધા પ્રશ્નોનો સાચો ખુલાસો આપે છે. શિક્ષણનું ધ્યેય છે ચરિત્રને મહાન બનાવવું અને માનવ સંસ્કારનું નવનિર્માણ કરવું. શાંતિનું શિક્ષણ માનવીને સત્ કર્મ માટે પ્રેરિત ઉત્સાહિત અને ઉદ્યુત કરે છે.

શાંતિ શિક્ષણનું ધ્યેય છે - મનુષ્યને નાત જાત, શારીરિક આકૃતિ, રંગ, વંશ અને દેશની ભિન્નતા પર આધારિત સંકુચિત વિચારો, બંધનો તથા દ્વેષ વગેરેથી મુક્ત કરીને સ્વતંત્ર શુદ્ધ અને સુશીલ બનાવવો.

શાંતિનું શિક્ષણ ત્રીજું લોચન ઉઘાડે છે. જેનાથી માનવને સત્યનો બોધ થાય છે.

## શાંતિ શિક્ષણ મનુષ્યને આપવું શી રીતે ?

વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં શાંતિ શિક્ષણનો સમાવેશ કરવો.

આજનું શિક્ષણ વિશ્વનું જ્ઞાન તો આપે છે. પરંતુ અખિલ બ્રહ્માંડ, તેનું પ્રયોજન વિશ્વ રચયિતા વિષેના જ્ઞાનનો પણ સમાવેશ કરવો જોઈએ.

આજનું શિક્ષણ દેશનું રક્ષણ કરવાનું તો શિખવે છે પરંતુ સાથે સાથે સ્વયંનું રક્ષણ મનોવિકારો સામે કેવી રીતે કરવું જોઈએ તે બાબતનો પણ સમાવેશ કરવો જોઈએ.

આજનું શિક્ષણ શરીરનું જ્ઞાન તો આપે છે પરંતુ આત્મા, મન, બુદ્ધિ, સંસ્કાર, ગુણો, કર્તવ્ય, કર્મોની ગતિ ઈત્યાદિ બાબતોનું પણ શિક્ષણ સામે કરવું જોઈએ.

આજનું શિક્ષણ સ્થૂળ ધનસંપતિની કમાણી કરવાનું તો શીખવાડે છે પણ જોડે સંતોષ, આનંદ, પ્રેમ, શક્તિ વગેરે આધ્યાત્મિક સમૃદ્ધિ પણ કેમ

પ્રાપ્ત કરી શકાય તેનું જ્ઞાન પણ આપી શકે તેવું આયોજન કરવું ઘટે.

આજનું શિક્ષણ વિવિધ ધર્મો વિશેનું જ્ઞાન તો આપે છે પરંતુ તેમાં સ્વધર્મ, સ્વદેશ, સ્વરૂપ, સ્વસ્થિતિ, સ્વલક્ષણ, સ્વકર્મ, સ્વલક્ષ્ય વગેરે બાબતોનું જ્ઞાન આપી શકે તેવી પરિપૂર્તિ ફરી જીવનમાં સાચી શાંતિ મેળવવાના ખજાનાની ચાવી પણ બક્ષી શકે તેટલું ઉન્નત કરવું જોઈએ.

## અનૌપચારિક રીતે

મનુષ્ય પુસ્તક, ફીલ્મ, નાટક, નૃત્ય સંગીત, કાવ્ય, લેખ, રેડિયો, અખબાર, ટેલિવિઝન, પ્રવચન, સંમેલન, પરિસંવાદ, પ્રદર્શન વગેરે માધ્યમો દ્વારા પણ કેટલુંક શિક્ષણ મેળવે છે. આ જ માધ્યમોનો ઉપયોગ કરીને મનુષ્યને શાંતિનું શિક્ષણ આપી શકાય. શાંતિપૂર્ણ વિશ્વની સ્થાપના માટે આ માધ્યમોનો ઉપયોગ કરીને અનૌપચારિક રીતે મનુષ્યને પ્રોત્સાહિત અને ઉદ્યમશીલ બનાવી શકાય.

## ઔપચારિક રીતે પણ શાંતિ શિક્ષણ આપવાનું શક્ય છે.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય એક સ્વાયત સંસ્થાન છે કે જ્યાં વિના મૂલ્યે શાંતિનું શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. તે મનુષ્યને શાંતિના શિખરે પહોંચાડતું શૈક્ષણિક સંસ્થાન છે. જે વિશ્વ પ્રસિદ્ધ તથા આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત છે.

તેનું શિક્ષણ વિશ્વભરમાં માનનીય છે. તેનાં કેન્દ્રો પાંચ મહાદ્વીપોના 137 કરતાં પણ વધુ દેશોમાં ફેલાયેલાં છે. સેવાકેન્દ્રોની સંખ્યા લગભગ આઠ હજાર કરતાં વધુ છે. સંસ્થાન બીનસરકારી સંસ્થાનના રૂપે સંયુક્ત રાષ્ટ્રસંઘનું સભ્ય છે. તેને સંયુક્ત રાષ્ટ્રસંઘે 'શાંતિ પારિતોષિક' તથા એક આંતરરાષ્ટ્રીય અને પાંચ રાષ્ટ્રીય (કક્ષાના) 'શાંતિદૂત' નામનાં એવોર્ડ પ્રદાન કર્યાં છે.

જેમ ક્લબ અથવા બગીચા બનાવવાનો હેતુ લોકોને પ્રસન્નતા મળે તે છે. જેમ દર્દીઓ માટે હોસ્પિટલ બનાવવામાં આવે છે તેવી જ રીતે મનની અશાંતિ અને તાણ દૂર કરવા માટે શાંતિ કુંડોનું નિર્માણ કરવું જરૂરી છે. એવા શાંતિ કુંડ વિશ્વમાં ફેલાયેલા આ વિદ્યાલયના સેવાકેન્દ્રો છે. જ્યાં લાખોની સંખ્યામાં ભાઈ-બહેનો આવીને શાંતિના સાગર પરમાત્માના સાન્નિધ્યમાં બેસીને પરમ શાંતિનો અનુભવ કરે છે.

આનંદ અને ગૌરવની વાત છે કે આ વિશ્વવિદ્યાલય અને તેના સેવાકેન્દ્રોનું સંચાલન ઘણું ખરું કન્યાઓ અને માતાઓ કરે છે. અર્થાત્ મહિલાઓ કરે છે.

વ્યક્તિગત રૂપે પણ અને વ્યક્તિગત રીતે જ શાંતિ શિક્ષણનો ફેલાવો વધુ ઝડપી અને વધુ અસરકારક રીતે સંભવિત છે.

આ કાર્યમાં મહિલાઓ કે જે સમાજનું એક મહત્ત્વપૂર્ણ અંગ છે, તેઓ પોતાનો ફાળો શી રીતે આપી શકે તેનો આપણે વિચાર કરીએ.

શાંતિ શિક્ષણ આપવા માટે નારીઓએ પોતાની શક્તિઓ અંગે સભાન બનવું પડશે. પુરુષ પ્રધાન વિશ્વમાં મહિલાઓની સ્થિતિ એવી છે કે જાણે તેઓ બીજી કક્ષાની નાગરિક હોય ! સૈકાઓથી તેમને અભણ રાખવામાં આવી. વિચાર, વાણી અને આર્થિક સ્વાતંત્ર્યથી તેમને વંચિત રાખવામાં આવી. જેથી તેઓ પુરુષોની સાંકળોમાં જકડાયેલી રહે. ધર્મની આડમાં ખોટા ખ્યાલોથી ભરમાવી તેમને ડરપોક બનાવી દેવામાં આવી. જાત જાતના બંધનો લાદી તેમને દોરડાં વિનાની ગુલામ અને પુરુષ જાતની દાસી બનાવી

દેવામાં આવી. આ પ્રકારની માનસિક ગુલામી તેમને એવી તો સદી ગઈ કે તેમને પહેરાવેલી બેડીઓ હવે તેમને ઘરેણાં લાગવા માંડી.

આપણા સંત સાધુ અને સન્યાસીઓ પણ સ્ત્રીઓ બાબતે નિંદાપૂર્ણ વિચારો ફેલાવતા રહ્યા. તુલસીદાસજી કહે છે -

'ઢોલ ગંવાર શુદ્ર પશુ નારી

યે સબ તાડન કે અધિકારી'

કબીરજી કહે છે - 'નારી કહૌ કિ નાહરી નખ સીખ સે ચડ ખાય' તેઓ નારીને માનવભક્ષી કહે છે. આદિ શંકરાચાર્યજી પ્રશ્નોત્તરી નામના પુસ્તકમાં લખે છે. 'વિશ્વાસપાત્ર ન કિમસ્તિ?' - 'નારી' અર્થાત્ નારી વિશ્વાસપાત્ર નથી.

વેદો શાસ્ત્રોમાં સુદ્ધાં નારીઓની નિંદા કરવામાં આવી. 'સ્ત્રીઓના મન પર શાસન થઈ શકતું નથી, તેમની બુદ્ધિ અને કર્મો ક્ષુદ્ર હોય છે.' - ઋગ્વેદ.

આ પ્રમાણે સમાજના એક મહત્ત્વપૂર્ણ અંગને પછાત રાખવામાં આવ્યું. સમાજને પક્ષઘાત થયો. સમાજ રૂપી પક્ષી એક પાંખથી કેવી રીતે ઉડી શકશે ? પુરુષ એક પાંખ છે તો બીજી પાંખ છે સ્ત્રી. કોઈ પણ સમાજ કેટલો આગળ વધ્યો છે તે જાણવું હોય તો તે સમાજની સ્ત્રીઓ પર નજર કરો. તેઓ કેટલી વિકસિત, સુખી નિર્ભય અને સંતોષ પૂર્ણ સ્થિતિમાં છે તેનું અવલોકન કરો અને સમાજનું માપ નીકળી જશે.

સમાજમાં શાંતિનું શિક્ષણ ફેલાય તે માટે આપણે સ્ત્રીઓને ઉંચે આણવી પડશે અને સ્ત્રીઓએ પોતે પણ પોતાની શક્તિ પીછાણી ઉપર ઉઠવું પડશે.

માતા એ તો માનવીની પ્રથમ ગુરુ છે. - જે બાળકને માતા પોતાના દેહમાં નવ માસ સુધી ધારણ કરે છે. બાળકના જન્મ બાદ તેનું લાલન પાલન કરે છે. નવડાવે ધોવડાવે છે. સંભાળપૂર્વક સુધારે, સંભાળે છે. લાડ પ્યાર આપી બોલતાં ચાલતાં શીખવાડે છે. તે બાળકનો પ્રથમ ગુરુ છે. આવી માતાને સ્નેહ ન કરનાર અને માતા ગુરુનું કહ્યું ન માનનાર તો દુનિયામાં કોઈ વીરલો જ કૃતઘ્ન બાળક હશે.

શાંતિનું શિક્ષણ કોઈ પાઠશાળામાં જ આપી શકાય? દરેક વ્યક્તિ પણ અન્યને શાંતિનું શિક્ષણ આપી શકે. ખાસ કરીને એક માતા પોતાની શાંતિપૂર્ણ સ્થિતિ, હેતપૂર્ણ હાલરડાં, મધુર વાણી, વાત્સલ્યતાપૂર્ણ કર્મો અને સંબંધ દ્વારા તથા નિઃસ્વાર્થ વ્વવહાર અને બાળકના હિત પ્રત્યે સમર્પિત પોતાના જીવનની દરેક ક્ષણ દ્વારા બાળકને શાંતિનો પાઠ શીખવાડી શકે. બાળક પર માતાનો સૌથી વધુ અને ઊંડો પ્રભાવ પડે છે.

માતાના રૂપે મહિલા કેવી રીતે શાંતિનું શિક્ષણ આપી શકે ?

તે બોલતાં તો શીખવાડે છે પરંતુ શું બોલવું અને શું ન બોલવું તે પણ શીખવાડી શકે. મીઠું બોલવું કડવું ન બોલવું. પોતાને આત્મા સમજી શાલિનતાથી બોલવું. માતા બાળકને આંગળી પકડીને ચાલતાં જ શીખવાડે એટલું જ નહીં પરંતુ જીવનના માર્ગ પર શાંતિ અને આનંદથી કેમ ચાલ્યા જવું તે પણ શીખવાડશે.

બાળકના જન્મતાં જ તે બાળકની જીભ પર મધ વડે ઓમ તો લખે જ છે પરંતુ તે એને મધમીઠું બોલતાં પણ શીખવાડે શકે અને ઓમના અર્થ સ્વરૂપ શાંત સ્થિતિમાં રહેવાનું પણ શીખવાડી શકે. તે બાળકને ચોકલેટ અથવા મીઠાઈ ખવડાવી ખુશ તો કરશે જ સાથે સાથે સદા ખુશ મિજાજ અને ખુશહાલ રહેવા માટેનું આધ્યાત્મિક ભણતર પણ

ભણાવશે. જે માતા બાળકના શારીરિક વિકાસ ઉપર ધ્યાન આપવા સાથે તેના આધ્યાત્મિક વિકાસ પર પણ ધ્યાન આપે તો તે માતા પોતાના બાળક પ્રત્યે અને પરિવાર, સમાજ અને વિશ્વ પ્રત્યે શાંતિ શિક્ષણ આપવાનું ઉત્કૃષ્ટ કર્તવ્ય નિભાવે છે એમ કહી શકાય.

નારીને અબળા કેમ કહી શકાય ? જે મોટા મોટા ચક્રવર્તી અને છત્રપતિઓને પોતાને ખોળે બેસાડી રમાડે છે પાલન પોષણ કરી સંસ્કાર સિંચે છે. જે કરોડોના મન પર શાસન કરનારા ધ્રુવ, શંકરાચાર્ય, જીસસ અને ગાંધી જેવાઓને ધર્મનો પહેલો પાઠ ભણાવે છે. જે શ્રી કૃષ્ણ અને શ્રી રામ જેવા દેવોને જન્મ આપે છે તેને અબળા કેમ કહેવાય ? તેને અબળા કહેનારાઓ, નરકનું દ્વાર કહેનારાઓ, વિષયની ઢીંગલી કહેનારાઓને લલકાર કરી બ્રહ્મા વિષ્ણુ અને શંકર પણ જેને માતા કહેવા વિવશ બન્યા એવી અનસૂયા સમાન તપસ્વિની બનવું જોઈએ. એવા અપકારી લોકો પર પણ દયા આણી તેમને નિર્બળતાથી, વિષયથી તથા નરકથી છૂટવાનું શાંતિ શિક્ષણ આપી ઉદ્ધારિણી બની શકે.

ઘરમાં જ્યારે વહુ આવે છે. ત્યારે લોકો કહે છે કે - જુઓ ! આ ગૃહલક્ષ્મી આવી. આ એમ દર્શાવે છે કે નારીનું તો આદિ સ્વરૂપ જ લક્ષ્મીનું છે. ગૃહસ્થ જીવનમાં કમળ પુષ્પ જેવું પવિત્ર જીવન હોવાથી જ શ્રી લક્ષ્મીનું નામ કમળા છે. માટે જો ભારતની નારીઓ ફરીથી પોતાના જીવનમાં કમળપુષ્પ સમાન પવિત્રતા ધારણ કરે તો પવિત્રતા જ સુખ અને શાંતિની જનની હોવાને કારણે ભારતમાં ફરીથી અહીં ચેનની વાંસળી શરૂ થશે, ફરીથી અહીં દેવી દેવતાઓ અતીન્દ્રિય સુખના હિંડોળે હીંચશે. દુનિયામાં સુખપૂર્ણ શાંતિ લાવવાનું કાર્ય ખરું જોતાં નારીઓ જ કરી શકે.

મહિલાઓ ચાહે તો જ્યોતિઓવાળી માતા બની શકે. ભક્તો અજ્ઞાન, તમોપ્રધાનતા, અધર્મ અને જડતાના અંધકારમાં ભવસાગર તરવા જ્યોતિવાળી માતાઓને આહ્વાન આપે છે. પોકાર પાડે છે. નારીઓના અંતઃકરણમાં જો એ પોકાર કે આર્તનાદ સંભળાતો હોય તો તેઓ જાગી જાય. પોતાની જ્ઞાન જ્યોતિ પ્રજ્વલિત કરે. જગતમાતા રૂપ ધારણ કરી મનોવિકારો પર વિજય પ્રાપ્ત કરી ભક્તોને પોતાના દૈવી રૂપના દર્શન કરાવે. જ્ઞાન જ્યોતિ દ્વારા ભક્તોને માર્ગ પ્રદર્શન કરે તેમના તન મનના પરિતાપો હરે અને શાંતિનું વરદાન આપે.

મહિષાસુર મર્દિની, કાલી અને દુર્ગા કોણ ? ભારતીય નારીઓનાં જ આ પ્રતીકાત્મક નામો છે. મહિષાસુર રક્તબીજ કે ત્રિપુરાસુર પણ કોઈ સંજ્ઞાવાચક નામો થોડાં જ છે. મહિષ તો મંદબુદ્ધિ અને અવિવેકનું પ્રતીક છે. રક્તબીજ લોહીના દરેક ટીંપામાં પ્રવેશેલ આસુરીપણાનું જ નામ છે. ત્રિપુરાસુર અત્ર તત્ર સર્વત્ર ફેલાયેલ આસુરીપણાનું જ પરિચાયક નામ છે. આવા આસુરીપણાને કાળનો કોળિયો બનાવનારી નારીઓ તથા મનોવિકારો અને દુર્ગુણોનો નાશ કરનારી નારીઓ કાલી દુર્ગા જેવાં પ્રતીકાત્મક નામથી ઓળખાઈ. ચિરાતીત કાળમાં જો નારીઓએ શક્તિ બનીને જન જનને આસુરીપણાથી મુક્ત કર્યા હોય, યાતનાથી બચાવી ઉગાર્યા હોય, શાંતિ અને શીતળતા બક્ષી હોય, તો હવે ફરીથી એ કર્તવ્ય કરવાનો સમય તેમને માટે આવી પહોંચ્યો છે. એ કર્તવ્ય એ સમયોચિત ધર્મ, તેઓ બજાવશે જ. વાર છે કેવળ તેમને તેમના સામર્થ્યનું ભાન થાય એટલી.

ગૃહસ્થને આશ્રમ બનાવી નારીઓ ઘર ઘરમાં સુખ અને શાંતિ આણી શકે. સૈકાઓથી

કહેવાતું આવ્યું કે પતિ સ્ત્રીનો પરમેશ્વર છે. પરંતુ પરમેશ્વર તો પવિત્ર અને પતિત પાવન છે. નિ:સંદેહ શ્રી નારાયણ અને શ્રી રામ જેવા પતિ તો 'પતિદેવ' છે. પરંતુ કામાતુર, વિકારોનો ગુલામ, દારૂના નશામાં ભાન ગુમાવેલ બુદ્ધિ વિનાનો અને નારી પર અત્યાચાર કરનારો પતિ પણ પરમેશ્વર છે ? પરમેશ્વરને સૌ કોઈ પ્રાર્થના કરે છે કે વિષય વિકાર મિટાઓ અને પાપ હરો. એટલે સાચી વાત તો એ છે કે પરમેશ્વર જ પતિઓના પતિ તથા ગુરુઓના ગુરુ છે. સૌના સદ્‌ગુરુ છે, એટલે નારી પરમાત્મા પતિ તથા ગુરુને ઓળખીને તેણે બતાવેલા સન્માર્ગ પર ચાલે તો પોતાનું જ નહીં પરંતુ પોતાના લૌકિક પતિ, બાળકો અને 21 પેઢીનો ઉદ્ધાર કરી શકે. પતિને ધર્મના માર્ગથી વિચલિત ન થવા દેનાર નારી જ સાચી ધર્મ પત્ની છે. તે ગૃહસ્થને આશ્રમ (પવિત્ર) બનાવનાર આદર્શ નારી છે. પોતાના સત્યવાનની તે જ તો સાવિત્રી છે.

સ્ત્રીઓ ચૈતન્ય જ્ઞાન ગંગા બની હજારો સગર પુત્રોને (ભસ્મ થયેલાઓને) પુન: જીવન બક્ષી શકે. શિવ પરમાત્મામાંથી ઉતરીને આવતા જ્ઞાન જળને સ્ત્રી પોતામાં પ્રવાહિત થવા દઈને પોતે માતા રૂપ લઈને ચૈતન્ય જ્ઞાન ગંગા બનીને અનેક આત્માઓને જ્ઞાન સ્નાન કરાવી પાવન બનાવી શકે.

જે સ્વયં પાવનકારી હોય તેની પાસે અપવિત્રતા કેવી રીતે આવી શકે ? તામસિક ભોજન, બીજાઓને દુભવીને કમાયેલું ધન, મ્લેચ્છો દ્વારા ઉપયોગમાં લેવાતા વ્યસનોના પદાર્થો તેની નજીક કેવી રીતે આવી શકે ? માટે જો નારી સંકલ્પ કરે તો તે ઘર ઘરને માંસ, મદિરા, બીડી, સિગારેટ, કાળુ ધન અને દૈહિક શ્રૃંગારથી મુક્ત કરી શકે. વિકાર અને વ્યસનોના અંગારા પર ભસ્મીભૂત થવા જતા અનેકાનેક સગર પુત્રોને તે નવજીવન બક્ષી શકે. તેમને શાંતિનો લેપ લગાવી સદ્‌ગુણોથી સુગંધ છાંટી અને સુકર્મોનો શણગાર સજી શકે. આ જ શાંતિનું શિક્ષણ છે. અને એવું શિક્ષણ આપનારી નારીઓને જગદંબા સરસ્વતીની સેનાને ધન્ય છે ! માનવ જાતિના તેમને કોટિ વંદન હો !

॥ ઓમશાંતિ ॥

---

**(પેજ નં. 24નું અનુસંધાન)... તમે જેવું વિચારો**

બધા મુસાફરોનાં રસ્તા અલગ છે. મંઝિલ અલગ છે. ચાલવાની રીત અલગ છે. તો બીજા સાથે તુલના શા માટે ? હંમેશા તુલના ખુદ સાથે કરો. પોતે જ્યાં છો જેવા છો એનાથી બહેતર બનવાનું છે. એક પગથિયું ઉપર ચડવાનું છે... રાત્રે સૂતા પહેલાંની પાંચ મિનીટ અને સવારે ઉઠ્યા પછીની પાંચ મિનીટ આ બન્ને સમયમાં અવચેતન મન સંકલ્પો સ્વીકારવાની પાવરફુલ અવસ્થામાં હોય છે. ત્યારે એવા જ પાવરફુલ શુભ સંકલ્પો મનને આપો કે જે તમે બનવા ઈચ્છો છો કે મેળવવા ઈચ્છો છો તે સિદ્ધ થાય જ.

॥ ઓમશાંતિ ॥

- **સંતુષ્ટતા સૌથી મોટો ગુણ છે. જે સદા સંતુષ્ટ રહે છે તે પ્રભુપ્રિય, લોકપ્રિય તથા સ્વયં પ્રિય બને છે.**
- **પોતાની સેવાને પણ બાપની સમક્ષ અર્પિત કરી દો, તો સમર્પિત આત્મા કહેવાશો.**
- **સમયને બરબાદ કર્યા સિવાય તરત જ નિર્ણય લઈ લો.**
- **જે સર્વ પ્રાપ્તિઓથી સંપન્ન છે તે સદા હર્ષિત, સદા સુખી અને ખુશનસીબ છે.**

# કર્મોની ગુહ્યગતિ

## બ્ર.કુ. ભગવાનભાઈ, શાંતિવન, આબુરોડ.

જન્મ જન્માતર કરેલાં કર્મોનું ફળ વર્તમાન જન્મમાં સારા યા ખરાબ ફળના રૂપમાં ભોગવવું પડે છે. કર્મગતિનું જ્ઞાન ન હોવાના કારણે, વિઘ્ન યા પરિસ્થિતિના સમયે આપણે હલચલમાં આવીએ છીએ. જેના કારણે સંકલ્પ, વિકલ્પ ચલાવીને દુઃખી, અશાંત યા તનાવગ્રસ્ત બનીએ છીએ. એકબીજા પ્રત્યે ખરાબ ભાવનાઓ જન્મે છે. ઈર્ષ્યા, ઘૃણા, વેર-વિરોધ, નિર્મિત થાય છે. આવા સમયે સાધન, સગવડો યા જીવનમાં સર્વકાંઈ હોવા છતાં પણ મન અશાંત બની જાય છે. એ સમયે લાગે છે કે મારી સાથે અન્યાય થઈ રહ્યો છે. પરંતુ આ અન્યાય નહીં, અનેક જન્મોનાં કરેલાં કર્મોનું પરિણામ છે.

કોઈ માતાને એનો પતિ હેરાન કરે છે. કોઈને એની સાસુ હેરાન કરે છે, કોઈને સંબંધી હેરાન કરે છે. કોઈને પોતાનો પુત્ર જ કુસંગમાં આવીને પૈસા બરબાદ કરે છે. કોઈ બીમારીના કારણે પરેશાન છે. કોઈને કારણ વગર લોકો હેરાન કરે છે. આ સર્વ સમસ્યાઓનું કારણ છે એના જ અનેક જન્મોના, એ વ્યક્તિ સાથેના હિસાબ કિતાબ. આવા સમયે બુદ્ધિમાં કર્મની ગતિનું જ્ઞાન હોવાથી જ આત્મચિંતન, પરમાત્મ ચિંતન યા શ્રેષ્ઠ મનન ચિંતન કરી શકીએ છીએ. એટલે મનને એકાગ્ર કરવા માટે કર્મગતિને સમજવી જરૂરી છે.

આગ્રામાં એક ગરીબ પતિ-પત્ની ઝૂંપડીમાં રહેતાં હતાં. એકવાર એમની પાસે એમને ઓળખનાર એક વેપારી, હોટલમાં જગા ન મળવાને કારણે રાત વીતાવવા માટે ઝૂંપડીમાં આવીને રહ્યો. વેપારીએ ગરીબ પતિ-પત્નીની સાથે ભોજન કર્યું. વાતચીત પણ કરી. રાત્રે સૂતાં પહેલાં કપડાં બદલવા માટે એણે પોતાની બેગ ખોલી. ગરીબની પત્નીની નજર એ પર પડી. તે લલચાઈ ગઈ કારણ કે બેગમાં પાંચસો, સો તથા પચાસ રૂપિયાની નોટોનાં બંડલ હતાં. એને ઊંઘ આવી નહીં. આંખોની સામે રૂપિયા જ દેખાતા હતા. વેપારી બેગ માથા નીચે મૂકીને ગાઢ નિદ્રામાં હતો. તે મહિલા ઝૂંપડીની બહાર ગઈ. એક મોટો પથ્થર ઉઠાવી લાવી અને સૂતેલા વેપારીના માથામાં માર્યો. તે તરત જ મરી ગયો. એણે બેગ ઉઠાવી. પતિને બતાવી. અને કહ્યું કે હવે આપણી ગરીબી ખતમ થઈ ગઈ. પરંતુ પતિ તો ગભરાઈ ગયો. એણે કહ્યું, જો પોલીસને ખબર પડશે તો આપણને જેલની સજા મળશે. પછી પત્નીના કહેવાથી પરસ્પર મળીને એ શબ્દને યમુના નદીમાં ધકેલી લીધું. ઘરને ધોઈને સાફ કર્યું. એમણે લોકોથી યા પોલીસથી તો હત્યા છુપાવી પરંતુ કર્મોથી તે છુપાવી શકાયું નહીં.

એમણે એ રૂપિયામાંથી મકાન બનાવ્યું. રૂપિયા ઘણા હતા એટલે એક ગાડી ખરીદી. દુકાન ખોલી અને ઘરેણાં બનાવ્યાં. ગરીબી દૂર થઈ ગઈ. કેટલાક વર્ષો પછી એમના ઘેર એક પુત્ર જન્મ્યો. ઘણા લાડ પ્યારથી એને મોટો કર્યો. કલેક્ટર બની શકે તેવું ભણાવ્યો. નોકરીએ જોડાવાનો જ હતો. એવામાં બીમાર પડ્યો. મોટી હોસ્પિટલમાં એનો ઈલાજ કરાવ્યો. ખર્ચો ઘણો વધારે થયો. પહેલાં ઘરેણાં વેચ્યાં. પછી ગાડી, દુકાન અને મકાન વેચ્યું. છતાં પણ પુત્ર સાજો થયો નહીં. એક દિવસે એમના પુત્રે એમનાં મા-બાપને કહ્યું, હવે તો તમારા બધા રૂપિયા વપરાઈ ગયા છે. હવે હું જાઉં છું. એમ કહીને પુત્ર મરી ગયો. તે પુત્ર કોણ હતો ?

વાસ્તવમાં તે પુત્ર બીજું કોઈ નહીં પણ જે મહેમાન વેપારીને માર્યો હતો તે હતો. તે પોતાના રૂપિયા વસૂલ કરવા પુત્રના રૂપે આવ્યો હતો. આ છે કર્મોની ગુહ્યગતિ. જો એ વ્યક્તિના મનમાં આવે છે કે હે ભગવાન, આપે મારા જીવનમાં એટલી સમસ્યાઓ આપી છે કે મારું સર્વ કાંઈ ગયું. હું બરબાદ થઈ ગયો. તો સમસ્યાઓ ભગવાને આપી? ના. એ વ્યક્તિએ પોતાનાં કર્મો દ્વારા જ સમસ્યાઓ જન્માવી. એટલે કહેવાય છે કે જેવું વાવશો તેવું લણશો.

આ રીતે આપણા જીવનમાં પણ સમસ્યાઓ કઈ રીતે આવી? તે આપણા જ કોઈને કોઈ જન્મના કર્મોનો હિસાબ કિતાબ છે. હવે આપણે એને ચૂક્તુ કરવો પડે છે. તો પછી એ સમસ્યાથી પરેશાન, દુઃખી, હેરાન થવાનો યા કોઈને જણાવવાનો શો ફાયદો ? જો કોઈ માતાને એનો પતિ હેરાન કરે છે તો જરૂર એણે પણ કોઈ જન્મમાં પતિ બનીને હેરાન કર્યો હશે. તેથી તેને સહન કરવું પડે છે. કોઈ માતાને એની સાસુ હેરાન કરે છે તો એ નક્કી છે કે એણે પણ કોઈ જન્મમાં સાસુ બનીને એને હેરાન કરી હશે. આ રીતે કર્મગતિને બુદ્ધિમાં રાખશો, તો વિપરીત પરિસ્થિતિમાં પણ સહનશીલ, એકાગ્ર, શાંત અને તનાવમુક્ત રહી શકશો. આ સંસારમાં આપણા દ્વારા જાણતાં અજાણતાં થયેલાં વિકર્મોનો હિસાબ કિતાબ ચૂક્તે કરવા માટે આ રસ્તા છે.

## પરમાત્માની યાદ

પરમાત્માને યાદ કરવાથી પણ પૂર્વ જન્મોના હિસાબ ચૂક્તે થાય છે.

## સહનશીલતા

જીવનમાં આવનારાં વિઘ્ન યા સમસ્યાને પોતાના જ પૂર્વ જન્મોનો હિસાબ સમજીને સહન કરવાથી વિકર્મો ચુક્તુ થાય છે.

## કર્મભોગ

જો પરમાત્માને યાદ નહીં કરીએ યા સહનશીલ નહીં બનીએ, તો ભવિષ્યમાં આવનારી વિનાશકારી સ્થિતિથી પણ હિસાબ કિતાબ ચુક્તુ થશે. પરંતુ એનાથી પ્રાપ્તિઓ થશે નહીં. એ સદા યાદ રાખો કે જ્યાં સુધી પોતાનો હિસાબ કિતાબ ચુક્તુ ના કર્યો ત્યાં સુધી પાછા પરમધામ કોઈ જઈ શકતું નથી.

એટલે શિવબાબા કહે છે બાળકો, મને યાદ કરો. સહન કરો. વિનાશકાલીન પરિસ્થિતિઓમાં અનેક દુઃખી, અશાંત આત્માઓને ધીરજ આપવાની સેવા કરવાની છે પરંતુ આ સેવા એજ કરી શકે છે જેણે સ્વયંના હિસાબકિતાબ ચુક્તુ કર્યા હશે. રડનારા, બીજાઓની આંખોનાં આંસુ કઈ રીતે લૂછી શકશે ? કઈ રીતે ધીરજ આપી શકશે ? એટલે કર્મગતિના જ્ઞાનને બુદ્ધિમાં રાખીને સદા હળવા રહો. કર્મગતિના જ્ઞાનવાળો આત્મા જ નકારાત્મક યા વ્યર્થ સંકલ્પો પર પૂર્ણવિરામ મૂકીને દરેક પ્રત્યે શુભચિંતક બની હકારાત્મક વ્યવહાર કરી શકે છે. અને અંતર્મુખી, એકાગ્ર એકરસ બનીને પ્રભુ ચિંતનનો આનંદ લઈ શકે છે. તેથી જીવનની દરેક સમસ્યાના સમાધાન માટે કર્મગતિને બુદ્ધિમાં રાખવી જરૂરી છે.

॥ ઓમશાંતિ ॥

- **પોતાને નિમિત્ત સમજીને સદા ડબલ લાઈટ રહો, તો ખુશીની અનુભૂતિ થતી રહેશે.**
- **જે સંકલ્પ કરો છો એને વચ્ચે વચ્ચે દૃઢતાનો સિક્કો મારી દો, તો સદા વિજયી બની જશો.**
- **સમયને બરબાદ કર્યા સિવાય તરત જ નિર્ણય લઈ લો.**

# તમે જેવું વિચારો છો તેવા બનો છો.

બ્ર.કુ. ડૉ. મીનાક્ષી એ. માકડીયા, ધોરાજી

માણસ એક સામાજિક પ્રાણી છે માટે સમાજમાં કઈ રીતે રહેવું, કેમ બોલવું, કેમ ખાવું કેમ પીવું, કેમ ઉઠવું, કેમ બેસવું, ક્યાં હસવું, ક્યાં રોવું - આ બધું જ શીખવવામાં આવે છે. બસ એક જ વસ્તુ નથી શીખવવામાં આવતી - કેમ વિચારવું? હા, આ ખરેખર વિચારણીય બાબત છે કે આપણને માણસ તરીકે સમાજમાં રહેવાના બધા જ નીતિ-નિયમો શીખવવામાં આવે છે. પરંતુ માણસના સર્વાંગી ઘડતરમાં સૌથી મોટો ફાળો વ્યક્તિના વિચારોનો છે. કારણકે માણસ જેવું વિચારે છે. એવા શબ્દો મગજમાં ઘડાય છે. શબ્દો પછી કર્મમાં આવે છે. વારંવારનું કર્મ જ સંસ્કાર બને છે. અને સંસ્કાર પરથી વ્યક્તિત્વ ઘડાય છે. માટે માણસના સંપૂર્ણ વ્યક્તિત્વનું ઘડતર જે વિચારોથી થાય છે એ વિચારોનું ઘડતર કરવાનું કોઈ શીખવતું નથી. માટે તો મનને મર્કટ કીધું છે. વાંદરાની માફક સતત વિચારોની છલાંગો લગાવતું જ રહે છે. પરંતુ એને પણ કંટ્રોલ કરી શકાય છે. એને પણ શાંત કરી શકાય છે. અંતે તો વિચારો એ Output છે. દિવસભર કરેલા Inputનું આખો દિવસ જો તમે વ્યર્થ વાતો, બીજાની પંચાત, ઈર્ષા, ગુસ્સો જેવી નકારાત્મક પ્રવૃત્તિમાં રહેશો તો તમારા વિચારોનું કેન્દ્રબિંદુ પણ નેગેટીવ વાતો જ હશે. નકારાત્મક એનર્જી માણસને હતાશા, નિરાશા ને અશાંતિ આપે છે. એને બદલે પોઝીટીવ Input.. જેમ કે અન્યને મદદ કરવી, સહકારની ભાવના, પ્રેમ, સ્નેહ, બીજાને માફ કરવું, સારા પુસ્તકોનું વાંચન, પ્રાર્થના, યોગ, મૌન આ બધાથી મનમાં સકારાત્મક ઉર્જાનો આવિર્ભાવ થાય છે. સારું વિચારે, એ સારું બોલે, સારું કર્મ કરે, સારા સંસ્કાર બને અને અંતે એક સુંદર વ્યક્તિત્વનું ઘડતર થાય.

આજે ચારેબાજુનું વાયુમંડલ નકારાત્મક ઉર્જાથી ગ્રસ્ત છે. ત્યારે હકારાત્મક ઉર્જા કેમ ઉત્પન્ન કરવી ? વ્યર્થ વાતો અને વિચારોથી બચવું કેમ ? મહાન દાર્શનિક સોક્રેટીસની વાતોમાં એનો ખૂબ સુંદર જવાબ મળે છે.

સોક્રેટીસને એક દિવસ એનો એક મિત્ર મળવા આવ્યો અને એ મિત્ર આ બંનેનાં એક ત્રીજા મિત્ર વિશે સોક્રેટીસને વાત કરવા માંગતો હતો. પરંતુ સોક્રેટીસ તો મહાન વ્યક્તિ હતા. પોતાના મનમાં કોઈ પણ વ્યર્થ વાત ને અંકિત થવા દેવા માંગતા નહોતા માટે એમણે પોતાના મિત્રને કહ્યું કે તું જે વાત મને કહેવા માંગે છે એ પછી કહેજે પહેલાં મને આ ત્રણ પ્રશ્નના જવાબ આપ -

**પ્રશ્ન - ૧,** તું જે વાત મને કહેવા માંગે છે એ સત્ય છે ? કે પછી તે ક્યાંકથી સાંભળેલી છે. સો ટકા સત્ય હોય તો જ વાત મને કહેજે, બીજેથી સાંભળેલી હોય તો મારે નથી સાંભળવી.

**પ્રશ્ન - ૨,** શું આ વાત સારી છે ? તું જે વાત કરવા માંગે છે એ વ્યક્તિની મહિમા માટેની છે તો કહેજો, એને વગોવવા માટેની હોય તો મારે નથી સાંભળવી.

**પ્રશ્ન - 3,** શું આ વાત મારે સાંભળવી જરૂરી છે ? આ વાત સાંભળીને મને એમાંથી કોઈ ફાયદો થાય એમ છે. એ વાત મને અસર કરતી હોય અને મને એમાંથી કંઈક સારું પ્રાપ્ત થાય એમ હોય તો જ મારે આ વાત સાંભળવી છે.

જો આ ત્રણ પ્રશ્નોના જવાબ હકારાત્મક

હોય તો જ મારે આ વાત સાંભળવી છે. શું આપણે એકપણ વાર કોઈ વાત સાંભળતા પહેલા કશું પણ વિચારીએ છીએ ખરા ? જરૂરી ન હોય એવી કેટલી બધી વાતો આપણા મનમાં ઠલવાતી રહે છે. કોઈ અન્ય વ્યક્તિ આપણા પર ઉલટી કરે તો કેવી સૂગ ચડે ? આપણે ઉલટીવાળા કપડાં કેટલા ઝડપથી બદલી નાખીએ છીએ ? પરંતુ કોઈ એના વ્યર્થ, નકામા વિચારોની ઉલટી આપણા મન પર કરે તો કેમ કરવા દઈએ છીએ ? આપણા કાન હંમેશા તૈયાર હોય છે જેની ને તેની વાતો સાંભળવા, શા માટે ? આપણા મનને દૂષિત કરનારી વ્યર્થ બાબતોને કેમ રોકતા નથી ? જેવું તમારા મનમાં નાખશો એવું વિચારશો અને જેવું વિચારશો એવા બની જશો. તો પછી સોક્રેટીસ માફક ત્રણ પ્રશ્નોના ફિલ્ટરમાંથી આપણે પણ બીજાની વાતોને ગાળવી ખૂબ જરૂરી છે.

Is it true ? Is it kind ? Is it necessary ?

આ વાત માત્ર કોઈ વાત સાંભળવા પૂરતી જ નથી બલ્કે કોઈ વિશે કઈ બોલતા પહેલા પણ આ ત્રણ પ્રશ્નો જાતને પૂછવા જરૂરી છે. એક વાત હંમેશા યાદ રાખો કે આપણી અંદર જેવું નાખીશું એવું જ બહાર આવશે. આપણું અવચેતન મન એક બાળક જેવું છે. એ શું સારું ? કે શું ખરાબ ? એવો નિર્ણય નથી કરતું પણ તમે અંદર જે નાખો એના પર કામ કરતું થઈ જશે. અવચેતન મનની શક્તિઓ ઉપર ખૂબ બધા મનોવૈજ્ઞાનિક પ્રયોગો થયા છે. વિચારો પરનું પ્રભુત્વ અને સંકલ્પ શક્તિથી કેટકેટલી સિદ્ધિઓ મેળવી શકાય છે. જોસેફમર્સીનું પુસ્તક ‘પાવર ઓફ સબકોન્સીયસ માઈન્ડ’માં કેટલાં બધાં ઉદાહરણો સાથે સત્ય ઘટનાની પ્રસ્તુતિ છે. આપણા મનને જો 10 ખંડમાં વિભાજીત કરીએ તો 1 ખંડ ચેતનમન અને 9 ખંડ અવચેતન મનનાં છે. સંમોહનનાં બધા જ પ્રયોગોમાં ચેતનમનને સુવડાવીને અવચેતન મનને મેસેજ આપવામાં આવે છે. અવચેતન મન પાસે એવી ગજબની શક્તિ છે કે એકવાર કોઈ વાત અવચેતન મન સ્વીકારી લે તો તેનો વિરોધ શરીર પણ કરી શકતુ નથી. એનું સૌથી મોટું ઉદાહરણ છે અમેરિકાની એક જેલમાં એક કેદી પર કરવામાં આવેલો પ્રયોગ.

અમેરિકાના મનોવૈજ્ઞાનિકો કે જે અવચેતન મન પર અભ્યાસ કરતા હતા તેમણે ફાંસીની સજા પામેલા કેદી પર એક પ્રયોગ કરવાની પરવાનગી લીધી. કેદીને આગલા દિવસે કોબ્રાને જે કોટડીમાં રાખવામાં આવ્યો હતો ત્યાં લઈ જઈને બતાવવામાં આવ્યું કે તને ફાંસીને બદલે આ કોબ્રાના ડંશથી મૃત્યુ આપવાનું છે. કોબ્રાનું ઝેર કેટલું ઝડપથી શરીરમાં ફેલાય જાય છે ને માણસ મૃત્યુ પામે છે એ દૃશ્ય બતાવવા માટે એક વૃદ્ધ, બીમાર ઘોડાને આ ક્રોબાની કોટડીમાં લાવવામાં આવ્યો. જેવો કોબ્રાએ ડંશ દીધો કે થોડી જ સેકન્ડમાં ઘોડાનું મૃત્યુ થયું. હવે કેદીને પાછો એની કોટડીમાં પૂરી દેવામાં આવ્યો. હવે કેદીને દિવસ-રાત કોબ્રાના જ વિચારો આવ્યા. કોબ્રાનું ઝેર થોડી સેકન્ડમાં ફેલાય જશે અને એનું મૃત્યુ થશે. સવારે નિશ્ચિત સમયે કેદીને મોં પર કાળુ કપડું ઢાંકીને એ ઝેરી કોબ્રાવાળી કોટડીમાં લઈ જવામાં આવ્યો. એક નકલી ઓજારમાં બે ક્લીપ ભરાવીને એ કેદીનાં પગમાં કોબ્રાએ ડંખ દીધો એવો અહેસાસ કરાવ્યો અને તરત જ એ કેદી મૃત્યુ પામ્યો. આપણને લાગે છે કે કેદીને ડરથી હાર્ટએટેક આવ્યો હશે પણ ખરું આશ્ચર્ય તો ત્યારે થયું જ્યારે એના શરીરમાંથી લોહીનાં સેમ્પલ લઈને પરીક્ષણ કર્યું તો એના લોહીમાં કોબ્રાનું ઝેર જોવા મળ્યું. આપણા વિચારો શરીરમાં ઝેર ઉત્પન્ન કરી શકતા હોય તો તમે વિચારો જીવનમાં બનતી ઘણી ઘટનાઓ આપણા

નકારાત્મક વિચારોને આધીન જ નહીં હોય ? કેટલીય બીમારી આપણે નબળા વિચારોથી જ નોતરતા હોઈશું ને ? આ એક ઉદાહરણ આપણા મનની અસીમ શક્તિઓને સમજવા માટે પૂરતું છે. આપણા વિચારો અને શુભસંકલ્પો દ્વારા સકારાત્મક વલણ કેળવીએ તો શું ન થઈ શકે ?

'Nothing is Impossible' - સફળ થવા માટે પોતાનામાં રહેલી શક્તિને ઓળખવાની જરૂર છે. સકારાત્મક વિચારો ખુદને આપવાથી આત્મ-વિશ્વાસ વધે છે. આખી દુનિયા કહે છે કે 'As you think so you become' - તમે જેવું વિચારો છો એવા બનો છો પણ હું એનાથી એક પગલું ઉપર કહીશ - 'As you believe so you become....' કોઈના કહેવાથી તમે સકારાત્મક વિચાર રોજ કરો પણ એ વિચાર સિદ્ધ થશે એવું તમે માનતા ન હોય તમને તમારા જ સંકલ્પો ઉપર ભરોસો ના હોય તો માત્ર વિચારવાથી સંકલ્પ સિદ્ધ નથી થતા. વિચારવાની સાથે સ્વયંની માન્યતા સંલગ્ન હોવી જોઈએ. કારણ કે અવચેતન મન તમારી અંદર ચાલતા વિચારોનાં યુદ્ધને મનોમંથનને જેમનું તેમ સ્વીકારે છે. અવચેતન મન એક બાળક જેવું છે એને તમે જે કહો તે અવશ્ય કરશે. પણ એને જવાબ જોઈએ છે એ જવાબ જો તમે આપી શકશો તો તે તમારા ઓર્ડરને અવશ્ય ફોલો કરશે. ધારો કે તમે એવા સંકલ્પો રોજ કરો છો કે 'હું શક્તિશાળી છું, હું ધારું તે કરી શકું છું.' તો અવચેતન મન પૂછશે કે 'તું કેમ શક્તિશાળી છે ?' તો જવાબ આપો કે મારા મનનો માલીક હું છું. મારા કર્મ પર મારો અધિકાર છે. મારે જે કરવું છે જે બનવું છે એ બનવાની મારામાં તાકાત છે... બસ દૃઢપણે જો તમે આવું માનતા હશો તો તમારું અવચેતન મન તમારી સંકલ્પ સિદ્ધિ માટે 100% કામ કરશે જ. જ્યાં સુધી આત્મવિશ્વાસ નહીં હોય. થોડીઘણી શંકા હશે તો સંકલ્પ સિદ્ધ થશે નહીં માટે યાદ રાખો માત્ર શુભ વિચારવાથી સફળતા મળતી નથી. હા, વિચારવાથી દિશા મળે છે પણ હું સફળ છું એમ માનવાથી આત્મવિશ્વાસ વધે છે અને આ આત્મવિશ્વાસ જ સંકલ્પ સિદ્ધ કરાવે છે.

આમ, શું વિચારવું ? અને કેમ વિચારવું ? - આ બે બાબત આપણે શીખી જઈએ તો આપણા ઘડવૈયા આપણે જ બની જઈએ. બીજાની વાતો, વિચારો કેટલી સાંભળવી ? તમારી અંદર એમાંથી શું પ્રવેશવા દેવું આ બધાનો આખરી નિર્ણય તમારા જ હાથમાં છે. ભગવાને દરેક માણસમાં એક વિશિષ્ટ ખાસીયત આપી જ છે. પોતાની વિશિષ્ટતાને ઓળખો તેના પર કામ કરો તો ચોક્કસ સફળ થવાશે. ગુજરાતીમાં કહેવત છે 'ગાડરીયો પ્રવાહ' - આ પ્રવાહમાં ક્યારેય ના ભળવું. બીજા કોઈની કોપી ના કરો અન્ય સાથે પોતાની તુલના ના કરો. ચકલીને જોઈને માછલીને થાય કે કાશ હું આની જેમ ઉડી શકતી હોત !!! માછલીને જોઈને ચકલીને થાય કે કાશ હું આની જેમ તરી શકતી હોત !!! આવી તુલનાથી ઈર્ષા, હતાશા અને દુઃખ અનુભવાય છે. તમારા વિચારો પર નકારાત્મક પ્રભાવ પડે છે અને ખુદની વિશિષ્ટતાને પણ ભૂલી જવાય છે. હા, કોઈની સફળતા જોઈને એમાંથી પ્રેરણા લેવાય. શીખો બધા પાસેથી પણ કોઈ જેવા બનવાની કોશિષ ક્યારેય ના કરો. બીજા સાથે પોતાની સરખામણી કરવાથી બે નેગેટીવ પરિણામ આવશે.

(1) અન્ય આપણાથી આગળ છે તો - ઈર્ષા

(2) અન્ય આપણાથી પાછળ છે તો - અભિમાન.

આ બન્ને બાબત આપણા મનમાં નકારાત્મક ઉર્જા ફેલાવશે. આ જિંદગીની સફરમાં

**(અનુસંધાન પેજ નં. 19 પર)**

# દિવ્ય દૃષ્ટિ

## બ્ર.કુ. કેશુભાઈ પટેલ, મહાદેવપુરા, પ્રાંતિજ

પરમપિતા પરમાત્માએ તેમના બાળકોને ગીતા જ્ઞાન આપી, અજ્ઞાન અંધકારમાંથી મુક્ત કરી જ્ઞાન ઉજાસમાં લાવ્યા છે. પુરુષોત્તમ સંગમયુગના સમયે રાજસ્વ અશ્વમેઘ અવિનાશી રૂદ્ર ગીતા જ્ઞાન યજ્ઞ દ્વારા તેમના સંતાનો ભૂતકાળમાં કેવા હતા, વર્તમાનમાં જ્ઞાનસંપન્નતા આવવાથી કેવા સંપન્ન થયા છે અને તેમના ભવિષ્યના રાજાઈ પદો કેવા હશે તેની સમજ આપી છે. શિવબાબાની યાદ અને બાબાના મિલન દ્વારા યોગથી આત્માઓમાં શક્તિઓ ભરી છે. બાબાએ તો બાળકોને ઘણી શક્તિઓ આપી છે પરંતુ તેમાંની એક શક્તિ છે દિવ્ય દૃષ્ટિની શક્તિ. બાબાએ આપેલા જ્ઞાનથી દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે અને આ છે બાબા દ્વારા તેમના બાળકોને મળેલી અમૂલ્ય ભેટ.

ભક્તિ માર્ગની પૌરાણિક કથાઓ અનુસાર - કૃષ્ણએ પોતાના વિશ્વરૂપના દર્શન કરાવવા અર્જુનને દિવ્ય દૃષ્ટિ આપી હતી. મહાભારતના યુદ્ધમાં યુદ્ધભૂમિ પરના યુદ્ધના વૃતાંતો ધૃતરાષ્ટ્રને આપવા સંજયને દિવ્ય દૃષ્ટિ મળી હતી. આમ વેદ વ્યાસ, બબરિક, ભીષ્મપિતામહ વગેરેને દિવ્ય દૃષ્ટિ મળી હતી. શરીરમાં ત્રીજુ નેત્ર હોય એ તો Ab normal case બની જાય છે જે કરોડો દેહધારીઓમાં એકાદ કેસ હોય છે અને તેને પણ આધુનિક મેડિકલ સાયન્સમાં શસ્ત્રક્રિયાથી દૂર કરી શકાય છે. શંકરને ત્રીજુ નેત્ર છે જે પ્રલય વખતે વિનાશ કરવા ખુલે છે.

પરંતુ જ્ઞાનનું ત્રીજુ નેત્ર ભૌતિક અવયવના રૂપમાં નથી, તેથી દૃશ્યમાન નથી. જ્ઞાનની શક્તિઓથી જ આત્મા, પરમાત્મા કે પરમધામ જોઈ શકે છે. આત્માના અંગો - મનઅને બુદ્ધિ - દ્વારા જે દૃશ્યને જોવાય, અનુભવાય તે દિવ્ય દૃષ્ટિ છે. દિવ્ય દૃષ્ટિમાં ભૌતિક શરીરનો કોઈ અવયવ ભાગ ભજવતો નથી. દિવ્ય દૃષ્ટિથી જોયેલું દૃશ્ય બંધ આંખેથી દેખાય, નજીકનું પણ દેખાય અતિદૂરનું પણ દેખાય અને અનુભવાય પણ.

પરમપિતા પરમાત્માને તેમના બાળકોને સંગમયુગના સમયે ગીતાજ્ઞાન દ્વારા દિવ્ય દૃષ્ટિ આપી છે. આ દિવ્ય - દૃષ્ટિથી બાબાના બાળકો આત્મા અને પરમાત્માને જોઈ શકે છે. પાંચ હજાર વર્ષ પહેલાં આ જ્ઞાન બાબાએ સંભળાવ્યું હતું. આત્મા જ સાંભળે છે. આત્મા ખૂબ જ નાનો, સૂક્ષ્માતિસૂક્ષ્મ બિંદુ છે. એટલો નાનો કે ચર્મચક્ષુથી જોઈ શકાતો નથી. માઈક્રોસ્કોપથી પણ જોઈ શકાતો નથી. એવો મનુષ્ય / વૈજ્ઞાનિક નથી કે જેણે આંખો દ્વારા આત્માને જોયો હોય, જોવામાં તો આવે છે પણ બાબાએ આપેલી દિવ્ય દૃષ્ટિથી. આત્માને જ્ઞાન ચક્ષુ મળે છે. જેનાથી દેખી શકે છે પરંતુ ધ્યાનમાં. ભક્તિમાર્ગમાં બહુ જ ભક્તિ કરે છે ત્યારે સાક્ષાત્કાર થાય છે. મીરાંબાઈ, નરસિંહ મહેતા તેનાં ઉદાહરણો છે.

માસ્ટર નોલેજફુલ બનેલા બાળકોમાં કોઈ જ પ્રકારનું અજાણ્યાપણું રહેતું નથી. જ્ઞાનસ્વરૂપ બાબાના બાળકોમાં કોઈ જ વાતની અજ્ઞાનતા રહેતી નથી, જે યોગયુક્ત આત્માઓ છે તેમને અનુભવ થતો હોય છે કે આ તો પહેલેથી જ બધું જાણેલું છે. ત્રિકાલદર્શી બની વર્તમાન અને ભવિષ્યના શ્રેષ્ઠ ચિત્રને જોતાં બધી જ પ્રાપ્તિઓનો અનુભવ કરે છે, જે દિવ્ય દૃષ્ટિનું ફળ છે.

શાંત, પવિત્ર, ચંચળતારહિત, સ્થિર, એકાગ્ર, શુભ સંકલ્પો અને શુભ ભાવનાથી ભરપૂર નિર્મળ, સ્વચ્છ, વિકારરહિત, બુદ્ધિથી અંકુશિત, લગામ લગાવેલા ઘોડા સમાન **દિવ્ય મન** હોય, બાબાના જ્ઞાનમાં સંશય રહિત, બાબાની શક્તિઓથી સંપન્ન, સત્ય-અસત્ય, સતકર્મ-વિકર્મને પારખનાર, **દિવ્ય બુદ્ધિ** હોય, જન્મ દર જન્મ દૈવી ગુણો ધારણ કરીને અન્ય આત્માઓની સેવા કરીને, તન-મન-ધન યજ્ઞ સેવામાં સમર્પિત કરીને બનાવેલા **દિવ્ય સંસ્કાર** હોય, આત્માએ નિરંતર યોગ અભ્યાસથી દૈવીગુણો ધારણ કરી ગુણમૂર્ત આત્મા બની **દૈવી ગુણ** ધારણ કર્યા હોય, સંગમયુગના સમયે બાબા તેમના બાળકોને સતયુગમાં હતી પરંતુ સૃષ્ટિચક્રના અંતે ગુમાવેલી અષ્ટશક્તિઓ પુનઃ પ્રાપ્ત કરી અષ્ટશક્તિ સંપન્ન બનેલ આત્માઓ **દિવ્ય શક્તિ સંપન્ન** હોય આવી દિવ્ય મન, દિવ્ય બુદ્ધિ, દિવ્ય સંસ્કારવાળા, શક્તિ સ્વરૂપ, પવિત્ર સ્વરૂપ ગુણમૂર્ત માસ્ટર જ્ઞાનસૂર્ય આત્માઓને જ પરમપિતા પરમાત્મા દિવ્ય દૃષ્ટિ આપે છે.

આ દિવ્ય દૃષ્ટિવાળા આત્મા વર્તમાનની જેમ જ ભૂતકાળ અને ભવિષ્યકાળને સ્પષ્ટ જોઈ શકશે. ભૂતકાળ, વર્તમાનકાળના જ્ઞાન ઉપર સ્થિત થઈને જોઈ લેશે કે મારું (આત્માનું) સતયુગમાં સ્થાન ક્યાં છે.

આત્મા જ્યારે યોગ દરમિયાન પરમધામ જાય છે ત્યારે તેનું ભૌતિક શરીર સાકારી દુનિયામાં છોડીને જાય છે, પરમધામ ચર્મચક્ષુથી દેખાતું નથી છતાં જ્ઞાનના માધ્યમથી પૂર્ણ પરિચિત, અનુભવાયેલું લાગે છે. આત્મા મન અને બુદ્ધિથી સાકારી દુનિયા અને નિરાકારી દુનિયા વચ્ચેનો માર્ગ પણ જોઈ શકે છે, અનુભવી શકે છે. સૂક્ષ્મ દુનિયા - બ્રહ્મલોક, વિષ્ણુલોક, રૂદ્રલોકને પણ જોઈ શકે છે. પરમધામને પણ જોઈ શકે છે. રૂહ રિહાન કરી શકે છે. આ મન અને બુદ્ધિ દ્વારા દેખાતા દૃશ્યોએ જ દિવ્ય દૃષ્ટિનું પરિણામ છે, જે શિવબાબાએ જ્ઞાનના માધ્યમથી આપી છે. દિવ્ય દૃષ્ટિથી જોવાની પ્રક્રિયામાં જ્ઞાન ઉપરાંત કલ્પનાશક્તિ, સંકલ્પશક્તિ પણ કામ કરે છે. પરમધામના જ્ઞાન દ્વારા થયેલ વર્ણન ચિતાર મુજબ આત્મા પોતાની કલ્પના શક્તિને સામેલ કરીને તેના વર્ણન મુજબનું થ્રી - ડાઈમેન્શન પરિરૂપ તૈયાર કરે છે - આ છે દિવ્ય દૃષ્ટિ. પરંતુ બાબાના જ્ઞાન સિવાય, માત્ર કલ્પનાશક્તિનો ઉપયોગ કરીને કલ્પેલા દૃશ્યો એ દિવ્યદૃષ્ટિ નથી.

કોઈ મનુષ્યાત્મા સોમનાથ મંદિરના દર્શન કરી ઘેર પાછો ફરે. થોડાક દિવસો બાદ મિત્ર સંબંધી જોડે ચર્ચા કરતો હોય ત્યારે મંદિરની ઉંચાઈ, પહોળાઈ, શિલ્પ સ્થાપત્ય, રંગ, ધજા, દ્વાર, અંદરનો ભાગ, બહારનો ભાગ, બાંધકામનો દૃશ્ય ચિતાર વર્ણવી શકે છે. કારણ કે તેના પોતાના ચર્મચક્ષુથી જોયેલું છે, અનુભવેલું છે, મંદિરથી દૂર હોવા છતાં ભૌતિક શરીર અને તેના અવયવો દ્વારા મેળવેલા જ્ઞાનનું પુનઃવર્ણન કરે છે, પુનઃઅવલોકન સ્મૃતિ દ્વારા વર્ણન કરે છે પરંતુ આ પુનઃસ્મૃતિ એ દિવ્ય દૃષ્ટિ નથી. પરંતુ જે વસ્તુ પદાર્થ, સ્થળ, દુનિયા જોઈ જ નથી પરંતુ તેના માટે આપવામાં આવેલા જ્ઞાન અને વર્ણન દ્વારા મન અને બુદ્ધિથી સમજી શકે તે દિવ્ય દૃષ્ટિ છે. આ પુરુષોત્તમ સંગમયુગના સમયે આત્માનો આ છેલ્લો જન્મ છે. આત્માને તેના પાછલા 83 જન્મોનો ઈતિહાસ યાદ નથી. વિસ્મૃત થઈ ગયો છે. ડિલિટ થઈ ગયો છે. પરંતુ બાબાના જ્ઞાન દ્વારા સતયુગ, ત્રેતા, દ્વાપર અને ભૂતકાળ બની ગયેલા કલિયુગનું જ્ઞાન આપી તેને સમજવાની, જોવાની, અનુભવવાની દિવ્ય દૃષ્ટિ બાબાએ આપી છે અને

બધા જ યુગોને આત્માની સામે સ્ક્રીન પર મૂકે છે, આત્મા જોઈ નિહાળી શકે છે આ છે બાબાએ આપેલી દિવ્ય દૃષ્ટિ.

શિવબાબા તેમના સિકીલધે બાળકોને - કે જેઓ નિયમિત મુરલી ક્લાસમાં જાય છે એકાગ્રતાથી સાંભળી સમજીને જ્ઞાન ધારણ કરે છે, શિવબાબાની યાદમાં રહે છે, અમૃતવેળાએ યોગાભ્યાસ નિયમિત કરે છે. બાબાની શ્રીમત પર ચાલીને બાબાએ નિર્દેશેલી સેવાઓ કરે છે, બાબાના ખજાનાથી ભરપૂર છે - તેઓને પોતાના પુરુષાર્થ અનુસાર મળનાર પદને, બાબાએ આપેલી દિવ્ય દૃષ્ટિથી સતયુગી દુનિયા અને તેમનું રાજ્ય ભાગ્ય બતાવે છે. ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યના જ્ઞાન ઉપર સ્થિત થઈને પોતાનું સ્થાન દિવ્ય દૃષ્ટિથી જોઈ શકશે કે મારો નંબર ક્યાં છે ? મારું પદ કયું હશે ? એવા પદ્માપદ્મ ભાગ્યશાળી આત્માઓને માટે પુરુષાર્થ અનુસાર રાજા મહારાજા પદ પામેલ આત્માઓના સુવર્ણ મહેલ હશે. દીવાલો, સોનાની ઈંટોની રત્નજડિત હશે. તેમનું સિંહાસન રત્નજડિત સુવર્ણનું હશે. તેમની આસપાસ દાસ-દાસી, નોકર ચાકર સેવામાં ઉપસ્થિત હશે. તેમના મહેલની આગળ પુષ્પક વિમાન હશે, તેમનો આત્મા અને દેહ સુંદર હશે, રોગરહિત, 150 વર્ષના આયુષ્યવાળો દેહ હશે. મૃત્યુનો ભય નહિ હોય, શરીર વૃદ્ધ થતાં તે વૃદ્ધ શરીર છોડી નવો કિશોરાવસ્થાવાળો દેહ ધારણ કરશે. સતયુગી દુનિયામાં દેવાત્માઓ જ હશે. જેથી વિકારોનું નામ નિશાન નહિ હોય. તેથી તેમના રાજ્યસંચાલન માટે પોલિસ, કોર્ટ, વકીલ, જેલ નહિ હોય. રાજ્ય વિસ્તારવાનો લોભ નહિ હોય. તેથી લશ્કરની જરૂર નહિ હોય. મંત્રીની જરૂર નહિ હોય. રાજ્ય નિષ્કલંક હશે પવિત્રતા અને નૈતિક મૂલ્યોના આધારે રાજ્યશાસન ચાલશે. રાજા મહારાજા કરતાં નીચલા પદો પર જનાર આત્માઓને પણ બાબા દિવ્ય દૃષ્ટિથી તેમનું ભાગ્ય બતાવે છે. આ જ રીતે દ્વાપર અને કલિયુગના પાછલા જન્મોને પણ આત્મા દિવ્ય દૃષ્ટિથી જોઈ શકે છે.

હે પ્રિય આત્મન, આપ સૌ શિવબાબાના પુરુષાર્થી સિકલધે બાળકો બની દિવ્ય દૃષ્ટિ પામો અને આપનું જ સતયુગી રાજ્યભાગ્ય આપની જ દિવ્ય દૃષ્ટિથી જુઓ એવી શુભકામના શુભભાવના સહ....

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 29નું અનુસંધાન)... સંકલ્પ સિદ્ધિ**

મનથી સતત યાદ કરવાથી વારસદારના હક્કદાર બની શકાય છે. બ્રહ્માબાબાના મુખવંશાવલી સાચા બ્રાહ્મણો ગણાઈશું.

### દાતા

અન્નદાન, વિદ્યાદાન, કન્યાદાન, ધનદાન, બ્લડ ડોનેશન અને શ્રમિકદાન વગેરે પુણ્ય અને પરોપકારીની શ્રેણીઓ છે. ધનની શુદ્ધિ દાનથી થાય છે. દાનેશ્વરી કર્ણે પોતાની સુરક્ષા માટેના કવચકુંડળ પણ દાનમાં આપી દીધા હતા. બ્રહ્માબાબાએ પોતાની સંપતિ ઈશ્વરીય વિશ્વ કલ્યાણ માટે સત્ત ધર્મની સ્થાપનામાં રોકી દીધી. જેથી બ્રહ્માબાબા પિતા તરીકે પણ પૂજાય છે. જીવનમાં પરોપકારની ભાવના માટે કોઈપણ દાનની સરવાણી જીવન સાથે વણાઈ જવી જોઈએ. જે માણસ સૃષ્ટિમંચને (જીવન) એક નાટક સમજીને જીવે છે એ પોતાના ભાગે જે પાત્ર આવ્યું હોય તેને પરમાત્માનો પ્રસાદ ગણીને ઉત્તમ રીતે ભજવવા તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે તે સુખે જીવે છે અને પ્રસન્નતાપૂર્વક મરે છે.

**॥ ઓમશાંતિ ॥**

# સંકલ્પ સિદ્ધિ જીવનની આધારશિલા

બ્ર.કુ. ચતુરભાઈ , પંચાસર

જીવન એટલે જાત-જાતનાને ભાત-ભાતના અનુભવોની પાઠશાળા છે. સમસ્યા વગરનું જીવન એ કંઈ જીવન નથી, સમસ્યા વગરનું જીવન જેનું હોય તે સમૃદ્ધ જીવન નથી.'જબ તક કાયા હૈ તબ તક માયા હૈ, ઈસમે દુઃખો કી મૂલ સમસ્યા હૈ.' ક્લેશ-કંકાશ તો ઘરના ગોળાનું પાણી સૂકવી નાખે છે. સંસાર સુખ-દુઃખનો દરિયો છે. સતકર્મ એ જ જીવન છે. કુવિચાર અને અસંસ્કૃત વિચારોજ મનુષ્યના સૌથી મોટા શત્રુ છે. શ્રેષ્ઠ વિચારો મનુષ્યના શ્રેષ્ઠતમ્ મિત્રો છે. આજનો યુવાન પાનના ગલ્લે ગવાઈ ગયો છે તે સિનેમા હોલમાં સપડાઈ ગયો છે. એરકુલરમાં અટવાઈને ફેસબુકમાં ફસાઈ ગયો છે. ગુગલમાં ગુંચવાયેલા યુવાનને ક્રિકેટનો કોલેરાને, મોબાઈલનો મેલેરિયા થયો છે. એટલે જ સિદ્ધાંત વગરનું જીવન એ પ્રાણ વિનાના શરીર જેવું છે. 'જીવન મે કુછ કરના હૈ તો મન કો માર મત બેઠો, અગર આગે બઢના હૈ તો હિંમત હારે મત બૈઠો.'

નીચે જણાવેલ સિદ્ધાંતો પૈકી કોઈપણ એક સિદ્ધાંત અપનાવવાથી આદર્શ જીવન બને છે.

### નીડરતા

સરદાર વલ્લભભાઈ પટેલે 563 રજવાડા સંગઠિત કરવાનું પાર પાડી ભારતને અખંડ રાષ્ટ્રનો દરજ્જો અપાવ્યો. એટલે સરદારને દેવોથી મુઠ્ઠી ઊંચેરા મહામાનવ માનવામાં આવે છે. તેમજ 'લોખંડી પુરુષનું' બિરુદ આપવામાં આવેલ છે. 'જવાહર સંભાળે દેશનું સુકાન, વલ્લભ વીરલો ફેરવે આણરે, ભારત ભાગ્ય વિધાતા વલ્લભ ઐસો નર પૃથ્વી મહી દુર્લભ.' નીડરતા અને સહનશીલતા તેમનો ધર્મ સિદ્ધાંત હતો. સરદારના શબ્દોએ શબ્દો નથી પરંતુ કાર્યો છે કાર્યો ! નીડરતા એ પર્વતની ઊંચાઈ પરની સફળતાના શિખરો સર કરાવે છે.

### અહિંસા

અહિંસા એટલે બીજાને દુઃખ કે કષ્ટ થાય એવું કરવું નહિં. અહિંસા પરમોધર્મ છે. 'દેદી હમેં આઝાદી બિના ખડગ બિના ઢાલ, સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ.' આમ ગાંધીબાપુએ અહિંસક લડાઈના ધર્મ પર દેશને આઝાદી અપાવી. વિદેશીઓ મજબૂર બની ઘૂંટણે પડી ભારત દેશને ત્યજી દીધો. આમ અહિંસા, સત્તાને પ્રભાવિત કરવા સાથે મજબૂર બનાવી નિયમનું પાલન કરવા પ્રેરિત કરે છે. 'લક્ષ્ય રખો તો લક્ષણ જરૂર આયેગા, જીતના વિચાર મહાન હોગે જીવન ભી ઉતની હી મહાન બનેગા.'

### ક્ષમાભાવ

ક્ષમા વીરસ્ય ભૂષણમ્, ક્ષમા બ્રહ્મ છે. ક્ષમા તપ છે, ક્ષમા પવિત્રતા છે. જે યહૂદીઓએ ઈશુ ખ્રિસ્તને વધસ્તંભ પર ચઢાવ્યા તેમને ક્ષમા અથવા પ્રભુને પ્રાર્થના કરી જેમની ખ્રિસ્તી ધર્મમાં આજે પૂજા થાય છે. દયાનંદ સરસ્વતીને ઝેર આપનાર રસોઈયાનો જીવ બચાવવા તેને પૈસા આપી ભગાડી મૂક્યો. જ્યારે શ્રીકૃષ્ણે શિશુપાલના ૯૯ ગુના માફ કરી ક્ષમા આપી. સંસારમાં ક્ષમાપનાની ભાવના એક સંજીવની પૂરવાર થાય છે. શત્રુતામાં કાયમ ડરનો વાસ રહે છે. વેરભાવ ક્યારેય કોઈને શાંતિથી જીવવા દેતો નથી. ક્ષમામાં પ્રકાશ છે, વેરમાં અંધકાર છે. ક્ષમામાં સાંધો છે વેરમાં વાંધો છે. ક્ષમાથી ઉત્તમ કોઈ દવા નથી. 'ક્ષમા સે બઢકર સંસારમેં ઔર કોઈ તપ નહીં હૈ.'

## દયાભાવ

દયા એજ ધર્મનું સ્વરૂપ છે. જ્યાં દયા નથી ત્યાં ધર્મ નથી. ક્રોધ અગ્નિ જ્વાળા છે. એ પોતાને તો દઝાડે છે સાથે સાથે બીજાને પણ દઝાડતી હોય છે. પશુ-પક્ષી તેમજ પ્રાણીઓ ઉપર દયાભાવરૂપી કર્મ કરવામાં આવે તો તેને પરમધામમાં રાજાઈ મળે છે. તેનું જીવન ધન્ય બને છે.

## સત્યતા

જ્યાં સત્યતા ત્યાં પ્રભુતા છે. સત્યની સાથે પુણ્યનું બળ હોય છે. અસત્યનું પાપ મનુષ્યને અધોગતિના પંથે લઈ જાય છે. સતકર્મો હમેશાં સુખ આપે છે. સત્યની નાવ ડોલે ખરી પરંતુ આજ સુધીના ઈતિહાસમાં સત્યની નાવ ડૂબી હોવાનો દાખલો નથી. એક અસત્ય એકસોવાર ઉચ્ચારવામાં આવે તો તે સત્ય બોલવા માંડે છે. જ્યારે એ સત્યને એક હજારવાર અસત્યનો ઢોળ અઢાવવામાં આવે તો પણ અસત્ય લેખી શકાતું નથી. એટલે સત્યનો વિજય હમેશાં થાય છે. પાપ અને પારો એ બહાર આવે છે એ કોઈ દિવસ ગુપ્ત રહી શકે નહિ. સત્યથી ક્યારેય પણ વિચલિત થવું ના જોઈએ. સત્યના માર્ગ ઉપર ચાલવાથી વિકટ પરિસ્થિતિ ટળી જાય છે.

## સાદગી

સાદી જિંદગીમાં જેવું સુખ છે તેવું વિલાસી જીંદગીમાં નથી. સાદગીમાં બાહ્ય આડંબર કે મોટાપણું હોતું નથી. જેની પાસે ઘણું બધું છે તે ધનિક નથી. પણ જેની ભૌતિક જરૂરિયાતો ઓછામાં ઓછી છે તે ધનિક છે. ભૌતિક ચીજોમાં ખુશી નથી. જે થોડા સમય માટે છે. કાયમ ખુશી આપી શકતી નથી. સરદાર વલ્લભભાઈએ પોતાની વકીલાતની કમાણી જતી કરીને, પોતાનું ઘર, પુત્રી અને પૌત્ર તથા રહીસહી સંપતિ રાષ્ટ્રને અર્પણ કરી દીધી. લાલબહાદુર શાસ્ત્રી જે સાદગીના સાગર હતા. સાદગી જેનો જીવનમંત્ર છે તેમના કર્મોને દેશ યાદ કરીને બોધ ગ્રહણ કરે છે.

## સંયમ

સંયમ એટલે મનની વિકૃતિઓ પરનો વિજય, મનની એકાગ્રતા અને સંયમ એટલે બ્રહ્મચર્ય. સંયમ એટલે તપશ્ચર્યા. સંયમ એ સફળતાનો શાશ્વત મંત્ર છે. બ્રહ્મચર્ય પાલનથી આપણા શરીર, મન અને આત્મા ત્રણેયને લાભ થાય છે. સંયમ હોય તો એકાગ્રતા આવે, જો એકાગ્રતા આવે તો તેજસ્વિતા આવે જ અને તેજસ્વિતા હોય તો સફળતા મળે જ. વિષય ભોગો કાદવથી ભરેલા ખાબોચિયા જેવા છે. ભોગના ત્યાગથી શાંતિ મળે છે. સંયમ એ સુખ અને સફળતાનો રાજમાર્ગ છે. અસંયમ એ ખરેખર પતનનું મહાદ્વાર છે. બ્રહ્મચર્યનું પાલન કરનાર વ્યક્તિ વીરતા અને વિજય મેળવે છે. વિકારી જીવન એ નરકનું જીવન છે. જે મૃત્યુ સમાન છે. મન અને બુદ્ધિની શુદ્ધિ બ્રહ્મચર્યથી થાય છે. શક્તિના સંગ્રહમાં બહુ સુખ છે. શક્તિના વિનાશમાં અતિ દુઃખ છે. ઈન્દ્રિયોમાં વાસનાનું વિષ હશે તો ભક્તિરસ ટકશે નહિ. કમળના ફૂલ સમાન પવિત્ર જીવન જીવો.

## આત્મિકભાવ

દેહ દૃષ્ટિ રાખવાને બદલે દેવ દ્રષ્ટિ રાખવી એજ જીવનનું કલ્યાણ છે. 'દેહ અભિમાન હી સર્વ સમસ્યાઓકી જડ હૈ, આત્મસ્વરૂપમેં ટિકના હી સર્વ સમસ્યાઓંકા સમાધાન હૈ.' જ્યારે દેહભાન ભૂલાય ત્યારે આત્માનું પરમાત્મા સાથે કનેક્શન જોડાય છે ત્યારે પરમધામનો દ્રષ્ટિપાત થાય છે અને શિવબાબા આપણા આત્માને પાવન બનાવી રહ્યા હોય તેવો અહેસાસ થાય છે. પરમાત્માને

**(અનુસંધાન પેજ નં. 27 પર)**

### દિવ્યદર્શન

# વિઘ્નવિનાશક બની દિવ્ય ગણેશઉત્સવને ચરિતાર્થ કરીએ

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

જય ગણેશ, જય ગણેશ, જય ગણેશ દેવા,
માતા જાકી પાર્વતી ઔર પિતા મહાદેવા...

દર વર્ષે ભાદરવા સુદ ચોથ ગણપતિ ચોથ એટલે કે ગણેશચતુર્થી તરીકે ઉજવાય છે. ગણેશોત્સવ અનંત ચૌદશ સુધી 11 દિવસ ખૂબ ભપકાભેર મનાવાય છે. ગણેશ વિસર્જન વખતે તો બધા લોકો 'ગણપતિ બાપા મોરીયા... મંગલમૂર્તિ મોરિયા'ના નારાઓથી વાતાવરણને પણ ગજવી દે છે. ગુજરાતની પૂર્વ રાજધાની અમદાવાદ મહાનગરના લાલદરવાજા તથા દક્ષિણી સોસાયટી, મણિનગર વિસ્તારમાં મુંબઈના લાલબાગના ગણપતિની જેમ ખૂબ પ્રખ્યાત છે. જ્યાં મુખ્યત્વે મહારાષ્ટ્રીયન ભાઈ-બહેનો મોટી વિશાળકાય, નવીનતા તથા વિશેષતા સંપન્ન ફિલ્મો, વિવિધ વ્યાખ્યાનો તથા સુંદર મનોરંજક સાંસ્કૃતિક કાર્યક્રમો આયોજીને હર્ષભેર ભાવ અને ભાવનાથી સક્રિયપણે ભાગ લે છે. આ તહેવાર દરમિયાન મોડી રાત સુધી ભાવિક ભક્તો ઠેર ઠેર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને આનંદ મનાવે છે. જન્માષ્ટમી પછી આવતો આ તહેવાર 11 દિવસ જેટલો લાંબો ચાલતો હોવાથી, લોકોમાં ભક્તિભાવની સાથે સાથે ખૂબ ઉમંગ-ઉત્સાહ પ્રેરી નવજીવન બક્ષે છે.

## શ્રી 'ગણેશ' શબ્દનો ભાવાર્થ

ગણેશ અર્થાત્ ગણપતિનું આધ્યાત્મિક રહસ્યને સમજીને આ પર્વને મનાવાય તો લોકોનું જીવન સાર્થક બની જાય. ગણેશનો અર્થ છે. ગણેશ = ગણ +ઈશ અર્થાત્ ગુણોના ઈશ્વર તથા ગણપતિનો ભાવાર્થ છે. ગણપતિ = ગણ + પતિ અર્થાત્ ગુણોના પતિ. ગણનાયક તરીકે ગણપતિ જગપ્રસિદ્ધ છે. ગણનાયક એટલે ગુણોમાં નાયક, ગુણોમાં અગ્રેસર. આમ શ્રી ગણેશ ગુણોના ભંડાર હોવાથી, સિદ્ધિ દાતા તથા વિઘ્ન વિનાશક દેવ તરીકે પણ પૂજાય છે અને તેથી સર્વ માંગલિક કાર્યો નિર્વિઘ્ને પૂરા પડે તે માટે, સૌ પ્રથમ ગણેશની પૂજા કરવામાં આવે છે. ગણેશને સ્વસ્તિકના ચિન્હ સાથે પણ સરખાવવામાં આવે છે. સાથિયાનું ચિન્હ સ્વસ્તિક છે. 'સ્વસ્તિક' શબ્દનો અર્થ છે શુભકારી, મંગલકારી તેથી તે વિઘ્ન વિનાશક ગણપતિનું સમાનાર્થક છે. સાથિયો શુભ-લાભનું પણ પ્રતીક છે.

ગણપતિ ગજાનન કહેવાય છે. તેમનું મુખ ગજ એટલે કે હાથીનું છે. ગણપતિની સ્તુતિ સૌ પ્રથમ થવાનું કારણ તેમના પ્રત્યેક અંગ ગુણોને પ્રદર્શિત કરે છે. ગણપતિના ચિત્રને જોતા વિવિધ અંગો દ્વારા નિમ્નલિખિત ભાવો અને ગુણો સ્પષ્ટ થાય છે.

## અંગો દ્વારા પ્રદર્શિત ગુણો

**ગજશિર -** હાથી બુદ્ધિમાન, વિશાળ મગજવાળું ડાહ્યું પ્રાણી ગણાય છે. હાથીની સ્મૃતિ-યાદશક્તિ તેજ હોય છે. તે વફાદાર રહે છે માટે અંગ્રેજીમાં કહેવાય છે કે, 'As wise as an elephant and as faithful as an elephant. હાથીની બીજી એક વિશેષતા છે તે જ્યારે ગલી-મહોલ્લા-બજાર કે શેરીઓમાંથી પસાર થાય છે ત્યારે તેની આગળ-પાછળ કૂતરા ભસતાં હોય કે

વાંદરા ઘૂરકીયા કરતા હોય, તો તેમ છતાં તે તેની પણ પરવા કર્યા વગર, તે હાથી પોતાની મૌલાઇ મસ્તીથી ચાલ્યા કરે છે. આપણે પણ બીજાઓની ટીકા-નિંદા પર ધ્યાન ન આપી, આત્મવિશ્વાસથી ખુશીથી કાર્ય કરતા જ રહેવું જોઈએ.

આપણી સાચી પ્રગતિથી લોકો ઈર્ષ્યાવિશ ભલે બણબણાટ કરે, મન ફાવે તેમ ગમે તેમ બોલે, પરંતુ આપણે તેની ચિંતા કર્યા વગર આપણે આપણા લક્ષ્યાંક સુધી પહોંચવા માટે સતત આગળ વધ્યા જ કરવું તેમાં જ ખરું શાણપણ છે.

**ગજસૂંઢ -** સર્વ શક્તિવાન અને ગુણસિંધુ શિવના સુત (શિવપુત્ર)ને સૂંઢ કેમ દર્શાવવામાં આવે છે ? હાથીની સૂંઢ એક તો બુલડોઝર અને બીજું ક્રેનની જેમ બન્નેના જેવું જ કામ કરે છે. હાથીની સૂંઢ એટલી તો શક્તિશાળી હોય છે કે, તે ઝાડના ઝાડને જડમૂળથી ઉખાડીને દૂર ફેંકી દે છે. જ્ઞાની વ્યક્તિએ હાથીમાંથી બોધપાઠ લઈ, આપણી બુરાઈઓ - ખરાબ સંસ્કારો - કુટેવોને જડમૂળથી કાઢી નાંખી દૂર હડસેલી દેવી જોઈએ. જેથી ફરીથી જીવનમાં પ્રવેશે નહીં.

હાથીની સૂંઢ સામર્થ્યની સાથે-સાથે નમ્રતાનો પણ ગુણ દર્શાવે છે. ગજ સૂંઢથી શિવલિંગ પર પુષ્પ તથા લોટાનું પાણી ચઢાવે છે તથા નાના બાળકોને પણ સલામ કરે છે. આપણે પણ સ્વયંમાં રહેલી શક્તિઓનો અહંકાર ન કરતાં નમ્રચિત બની સૌની સાથે સન્માનપૂર્વક વ્યવહાર કરવો જોઈએ. સન્માન આપવાથી માન મળે છે.

**ગજકર્ણ -** હાથીના કાન સૂપડા જેવા મોટા હોય છે. જે જ્ઞાનશ્રવણનું પ્રતીક છે. કાન મુખ્ય કર્મેન્દ્રિય ગણાય છે. સુખી થવું હોય તો, ‘ઓછું બોલો, પરંતુ વધુ સાંભળો.’ સામેવાળાની વાત પૂરી ધીરજપૂર્વક સાંભળીએ તો ઘણા પ્રશ્નો હલ થઈ જાય છે. જ્ઞાનની વાતો ચિત્ત દઈને, ધ્યાનથી એકાગ્રતાપૂર્વક, જિજ્ઞાસાવૃત્તિથી સાંભળીને પછી તેનું મનન ચિંતન કરી, જીવનમાં ધારણ કરવી જોઈએ. જ્ઞાનની સાધનામાં શ્રવણ-મનન-ચિંતન જરૂરી છે. વળી સૂપડું જેમ સારી વસ્તુને રાખે છે, કચરો બહાર ફેંકી દે છે તેમ આપણે પણ સારા વિચારોને અપનાવીને નકામા કચરા સમાન વિચારોને કાઢી નાંખીએ.

**ગજનેત્ર -** મોટી કાયા છતાં ગણેશની આંખો સૂક્ષ્મ દૃષ્ટિને કારણે હાથી સોય જેવી એકદમ ઝીણી ચીજ-વસ્તુઓને પણ જોઈને ઉઠાવી લે છે. જો હાથીને નાની ચીજ ન દેખાય તો મોટા પગ નીચે દબાઈ જાય. દીર્ઘદૃષ્ટિથી કાર્ય કરવું, આપણે પણ નાનાઓને મોટા સમજી આદરભાવ પ્રગટ કરવો તથા પોતાની નાની સૂક્ષ્મ નબળાઈ પારખી દૂર કરવી.

**ગજઉદર -** હાથીને દુંદાળા મોટા પેટવાળા દેવ કહે છે. મોટું પેટ એ દર્શાવે છે કે, બીજા લોકોની વાતોને અન્યને કહેવાને બદલે ગંભીર બની મોટું પેટ રાખી તેમાં સમાવી લેતાં શીખવું જોઈએ. સાગર નદીઓનો કચરો જેમ સમાવી લે છે, તેમ આપણે મોટું પેટ રાખીને સમાવવાનો ગુણ ધારણ કરવો. એક કવિ હલકા પેટવાળાઓ માટે પંક્તિ લખે છે કે...‘જો પેટ કે હલ્કે હો, પચે બાત કબ ઉનસે, રોકે તો અકડ જાયે, શીખ ઔર જ્યાદા.’

**ગજદંત -** હાથીના દાત બતાવવાના જુદા અને ચાવવાના જુદા એમ કહેવતમાં કહ્યું છે. અર્થાત્ બન્ને જુદા-જુદા દાંત ચતુરાઈના પ્રતીક છે, જેથી કોઈ આપણને બોધા સમજી બનાવી ન જાય. હોશિયાર અને સાવધાન રહેવું જોઈએ.

**ગજવદન -** હાથીનું મોટું પ્રસન્નતાનું પણ

પ્રતીક છે. વિઘ્નોથી ક્યારેય ગભરાવું નહિ. દુર્બળતા ન દાખવવી. હાથીની જેમ નિર્ભયતાથી જીવન જીવવું.

આમ ઉપર દર્શાવેલ શ્રી ગણેશના જુદા-જુદા ગુણો અને વિશેષતાઓને જીવનમાં બધા લોકો ધારણ કરે તો, મૂલ્યનિષ્ઠ સમાજની રચના થતાં સુંદર સુખમય સંસાર બની જશે. ચાલો આપણે સૌ પરંપરાગત રીતે ગણેશોત્સવ ન ઉજવી, ગણપતિના દિવ્ય ગુણોને ધારણ કરી આ પર્વની યથાર્થ ઉજવણી જીવનને સુખશાંતિમય અવશ્ય બનાવી દેશે.

**॥ ઓમશાંતિ ॥**

# ગીત

## બ્ર.કુ. ગોદાવરીબેન, મુલુંદ, મુંબઈ

પ્યારા પ્રભુ શિવ નિરાકારી, તમારી યાદ આવે છે, તમારી યાદ આવે છે.
લીધું બ્રહ્મા તન સાકારી, તમારી યાદ આવે છે, પ્રભુ તમારી યાદ આવે છે.
નવી સૃષ્ટિના સર્જનહાર, સ્વર્ગીય દુનિયાના રચનાકાર
આવી ચૂક્યા આ ધરા પર, કરવા સૌનો બેડો પાર,
સર્વ ધર્મોમાં કલ્યાણકારી, તમારી યાદ આવે છે, પ્રભુ તમારી યાદ આવે છે.
ગીતાનું જ્ઞાન સંભળાવી, પતિતોને પાવન બનાવી,
દિવ્યગુણોથી સજાવી, દુર્ગુણોથી હટાવીને,
બનાવો મનને નિરઅંહકારી, તમારી યાદ આવે છે, પ્રભુ તમારી યાદ આવે છે.
મધુર મહાવાક્ય તમારા ખુશી અનોખી આપે છે.
સમાવી પાપ સંતાપને કષ્ટો અનેક કાપે છે.
અદ્ભુત લીલા નિહાળી, તમારી યાદ આવે છે, પ્રભુ તમારી યાદ આવે છે.
અવિનાશી જ્ઞાનની જ્યોતિ, જગાવી જીવનમાં તમે
ભૂલી શકીએ કેમ તમને, ઘડી ઘડી યાદ કરીએ અમે
ગાઈએ દિલથી બલિહારી, તમારી યાદ આવે છે, નિરંતર યાદ આવે છે.
પ્યારા પ્રભુ શિવ નિરાકારી, તમારી યાદ આવે છે, બાબા તમારી યાદ આવે છે.

**॥ ઓમશાંતિ ॥**

Published and Printed by BK Sarlaben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.



અમદાવાદ વટવા સેવાકેન્દ્ર દ્વારા પોલીસ સ્ટેશન ખાતે PSI ભ્રાતા એચ.વી. સીસારાને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. તારાબેન.



ખંભાત શહેરના પૉલીસ ઇન્સપેક્ટર ભ્રાતા ચૌહાણભાઈને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. કિરણબેન.



સુરેન્દ્રનગર સબજેલમાં કેદીઓના રક્ષાબંધન કર્યા બાદ જેલર ભ્રાતા હઠીસીંગ રાઠોડને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. કોમલબેન.



અમદાવાદ નારણપુરા પૉલીસ સ્ટેશન ખાતે PI ભ્રાતા જે.આર.પટેલને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. રીટાબેન.



માણાવદરના પૉલીસ સ્ટેશનમાં અધિકારીઓ તથા કર્મચારીઓને રક્ષાકવચ બાંધી સમૂહચિત્રમાં બ્ર.કુ.મધુબેન.



કુતિયાણા પૉલીસ સ્ટેશનમાં PI ભ્રાતા રાણાભાઈ તથા સ્ટાફને રક્ષાસૂત્ર બાંધ્યા બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ.મધુબેન, બ્ર.કુ.કિરણબેન.



માળીયા–હાટીનામાં પૉલીસ સ્ટેશન ખાતે રક્ષાબંધનનો સંદેશ આપ્યા બાદ સમૂહચિત્રમાં PSI ભ્રાતા નરેશ વિઝુંડા સાથે બ્ર.કુ. મીતાબેન.



વિરમગામ પૉલીસ સ્ટેશનમાં સ્ટાફને રક્ષાબંધન કરી સમૂહચિત્રમાં PSI ભ્રાતા કૃણાલભાઈ, બ્ર.કુ. રમાબેન, બ્ર.કુ. ધર્મિષ્ટાબેન.



અમદાવાદ ઓઢવમાં RPFના કમાન્ડન્ટ ભ્રાતા જે.કે. ઓઝાને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. કોકિલાબેન સાથે બ્ર.કુ. ઉષાબેન.



ગાંધીનગર ઈન્ડીયન કોસ્ટ ગાર્ડ હેડક્વાટરમાં રક્ષાબંધન કર્યા બાદ સમૂહચિત્રમાં IG ભ્રાતા રાકેશ પાલ સાથે બ્ર.કુ. કૈલાસબેન.



ચિલોડા CRPFમાં રક્ષાબંધન કાર્યક્રમ બાદ સમૂહચિત્રમાં DIG ભ્રાતા જે.કે. યાદવ સાથે બ્ર.કુ. કૈલાસબેન, બ્ર.કુ. તારાબેન.



રાજકોટ ગાયકવાડીમાં SRPF GR-13ના DYSP ભ્રાતા અરજણભાઈ બારડ તથા સર્વ જવાનોને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. જ્યોત્સનાબેન.



વલસાડ હોમગાર્ડમાં રક્ષાબંધન બાદ વકીલ સચીનભાઈ, જીલ્લા પ્રમુખ ભ્રાતા ભરતભાઈ, બ્ર.કુ. રોહિતભાઈ, બ્ર.કુ. મોનિકાબેન.



વાલીયા રુપનગરમાં SRPF GR-10માં રક્ષાબંધન કાર્યક્રમ બાદ સમૂહચિત્રમાં કમાન્ડન્ટ ભ્રાતા જે.વી.પટેલ સાથે બ્ર.કુ. હેમાબેન.



રખિયાલમાં હોમગાર્ડના જવાનોને ઈશ્વરીય સંદેશ આપી રક્ષાબંધન કરતાં બ્ર.કુ. કૈલાસબેન.



અંબાજીમાં હોમગાર્ડના અધિકારી તથા જવાનોને રક્ષાબંધન કર્યા બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. દીપિકાબેન.



વડોદરા મંગલવાડી દ્વારા રવિશંકર મહારાજના શિષ્ય પરમ પૂજ્ય ગુરુદેવ અતિતજી મહારાજને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. રાજબેન.



પેથાપુરમાં ગુજરાતના રોમન કેથોલીકના પ્રમુખ આર્ક બિશપ થૉમસ ઈગ્નાટીયસ મેકવાનને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. શિલ્પાબેન.



વાંકાનેરના સુપ્રસિધ્ધ જડેશ્વર મહાદેવના મહંત રતિલાલજી મહારાજને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. સારિકાબેન.



અમદાવાદ ખોરજ સેવાકેન્દ્ર દ્વારા દાદા ભગવાન ત્રિદેવ મંદિરના પૂજ્ય દીપકભાઈને ઈશ્વરીય સૌગાત આપ્યા બાદ બ્ર.કુ. હેમનાબેન.



અમદાવાદ રાજયોગભવનમાં સ્વતંત્રતાદિને ધ્વજવંદનમાં પધારેલ પૂર્વ મેયર ભ્રાતા આસીતભાઈને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ઉષાબેન.



નવસારી સેવાકેન્દ્રમાં ૧૫મી ઓગષ્ટ સ્વતંત્રતા દિવસે રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપતાં બ્ર.કુ. ગીતાબેન અને બ્રહ્માવત્સો.



રાજકોટ અવધપુરીમાં આવેલ સુપ્રસિધ્ધ The Grand Thakar હોટલના માલિક ભ્રાતા ગોપાલભાઈને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. રેખાબેન.



રાજુલા ખાતે રીલાયન્સ શીપયાર્ડમાં રક્ષાબંધન કાર્યક્રમમાં સ્વાગત કરતાં CEO ભ્રાતા શ્રીજ્ઞાનપ્રકાશ મંચ પર બ્ર.કુ. અનુબેન.

Gyan Amrit Vol.12 | Issue 9 | September 2019 | Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842.
Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2017-2019 Vaild up to
31st December-2019 Issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



ભારતના વડાપ્રધાન ભ્રાતા નરેન્દ્રભાઈ મોદીને રક્ષાસૂત્ર બાંધતા ORCના ડાયરેક્ટર બ્ર.કુ. આશાબેન સાથે બ્રહ્માકુમારી બહેનો.



ગુજરાતના મુખ્યમંત્રી ભ્રાતા વિજયભાઈ રુપાણીને રક્ષાબંધન કરતાં ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી.



ગુજરાતના ગવર્નર ભ્રાતા આચાર્ય દેવવ્રતને મોમેન્ટો આપી સન્માનીત કરતાં ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી સાથે બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ. કૈલાસબેન, બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. તારાબેન, બ્ર.કુ. અંજુબેન.



ગિયાનાના રાષ્ટ્રપતિ ભ્રાતા ડેવિડ આર્થર ગ્રેન્જરને રક્ષાબંધન કર્યા બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. નીપાબેન તથા બ્રહ્માવત્સો સાથે.



વડોદરા મંગલવાડી સેવાકેન્દ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ખેલાડી ભ્રાતા ઈરફાન પઠાણને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. વસંતાબેન સાથે બ્ર.કુ. વંદનાબેન, બ્ર.કુ. નરેન્દ્રભાઈ, બ્ર.કુ. જગદીશભાઈ.



ધાનપુરમાં ગુજરાત સરકાર રાજ્યકક્ષાના ગ્રામ-ગૃહ, ગ્રામવિકાસના મંત્રીશ્રી ભ્રાતા બચુભાઈ ખાબડને રાખડી બાંધતા બ્ર.કુ. સુરેખાબેન સાથે બ્ર.કુ. સુનિતાબેન, બ્ર.કુ. શૈલેષભાઈ.